

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 17
Issue : 353
Dt.: 03-09-2025,
Wednesday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### ઘણા ગામો કાટમાળમાં ફેરવાઈ ગયા

## અફઘાનિસ્તાનમાં ભૂકંપથી મોતનો આંકડો વધીને ૧૪૧૧ થઈ ગયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અફઘાનિસ્તાન

અફઘાનિસ્તાનમાં આવેલા ભૂકંપમાં મૃત્યુઆંક ૧૪૧૧ થઈ ગયો છે, જ્યારે ઘાયલોની સંખ્યા ૩૨૫૦ થી વધુ થઈ ગઈ છે. રવિવારે રાત્રે અફઘાનિસ્તાનના જલાલાબાદ નજીક ૬.૦ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ સમયે મોટાભાગના લોકો સૂઈ રહ્યા હતા, જેના કારણે તેઓ ઈમારતોના કાટમાળ નીચે દટાઈ ગયા હતા.

૧ સપ્ટેમ્બરના રોજ, અફઘાનિસ્તાનના પૂર્વી ભાગ, ખાસ કરીને નાંગરહાર અને કુનાર પ્રાંતોમાં ૬.૦ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના કારણે ભારે વિનાશ થયો હતો. હજારો ઘરો તૂટી પડ્યા, ઘણા ગામો કાટમાળમાં ફેરવાઈ ગયા અને લાખો લોકો બેઘર થઈ ગયા. રવિવારે રાત્રે ૧૧:૪૭ વાગ્યે (સ્થાનિક સમય) ભૂકંપ અનુભવાયો, જ્યારે મોટાભાગના લોકો ઊંઘી રહ્યા હતા, જેના કારણે જાનહાનિની સંખ્યામાં વધુ વધારો થયો. ભૂકંપનું કેન્દ્ર જલાલાબાદથી ૨૭ કિલોમીટર ઉત્તર-પૂર્વમાં, ફક્ત ૮-૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું.

હંમેશની જેમ, આ વખતે પણ ભારતે આ દુર્ઘટનામાં મદદનો હાથ લંબાવ્યો છે. કાબુલમાં ભારતીય મિશને પહેલા તાત્કાલિક તંબુ અને પછી ખાદ્ય પદાર્થો મોકલ્યા છે. અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે વિશ્વભરમાંથી મદદ માંગી છે. આ પછી, ભારતે મદદ માટે કાબુલમાં ૧ હજાર તંબુ મોકલ્યા છે. ઉપરાંત, કાબુલથી કુનારમાં ૧૫ ટન ખાદ્ય પદાર્થો મોકલવામાં આવ્યા હતા. વિદેશ મંત્રી એસ જયશંકરે ઠ પર લખ્યું હતું કે ભારત ભવિષ્યમાં પણ રાહત સામગ્રી મોકલશે. ૨૦૨૧ માં તાલિબાન સરકારની રચના પછી, આંતરરાષ્ટ્રીય સંગઠનોએ અફઘાનિસ્તાનમાં માનવતાવાદી સહાય બંધ કરી દીધી હતી. અફઘાનિસ્તાનમાં ભૂકંપ કંઈ નવું નથી. છેલ્લા કેટલાક વર્ષોમાં આ પ્રદેશમાં ઘણા મોટા ભૂકંપ આવ્યા છે. ૭ ઓક્ટોબર,૨૦૨૩ ના રોજ, હેરાત પ્રાંતમાં ૬.૩ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેમાં ૧,૫૦૦-૪,૦૦૦ લોકો માર્યા ગયા હતા. ૨૦૧૫ માં ૭.૫ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો જેમાં ભારે વિનાશ થયો હતો. ૨૦૨૧-૨૦૨૫ ના સમયગાળામાં ૩૦ થી વધુ ભૂકંપ આવ્યા હતા, જેમાં ૨,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા. હિન્દુકુશ પ્રદેશની ભૂસ્તરશાસ્ત્રીય સંવેદનશીલતા અને આબોહવા પરિવર્તનને કારણે ભૂસ્ખલનના વધતા જોખમે આ આફતોને વધુ ઘાતક બનાવી છે. અફઘાનિસ્તાનમાં ૬.૦ ની તીવ્રતાનો ભૂકંપ રિક્ટર સ્કેલ પર મધ્યમ શ્રેણીમાં આવે છે, પરંતુ તેનાથી ભારે નુકસાન થયું હતું. આના ઘણા કારણો છે, જે અફઘાનિસ્તાનની ભૂસ્તરશાસ્ત્રીય, સામાજિક અને આર્થિક પરિસ્થિતિ સાથે સંબંધિત છે. ભૂસ્તરશાસ્ત્રીય પરિસ્થિતિઓ અને ટેક્ટોનિક પ્રવૃત્તિઓ જોઈએ તો અફઘાનિસ્તાન હિન્દુકુશ પર્વતમાળાની નજીક સ્થિત છે, જે ભારતીય અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટોના અથડામણ ક્ષેત્રમાં આવે છે. ભારતીય પ્લેટ દર વર્ષે ૩૯ મીમીની ઝડપે યુરેશિયન પ્લેટ તરફ આગળ વધી રહી છે, જેના કારણે આ પ્રદેશમાં વારંવાર ભૂકંપની પ્રવૃત્તિઓ થાય છે. આ ભૂકંપનું કેન્દ્ર માત્ર ૮-૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું, જેને છીછરા ભૂકંપ માનવામાં આવે છે. છીછરા ભૂકંપમાં, ઊર્જા સપાટી પર ઝડપથી પહોંચે છે, જેના કારણે વધુ વિનાશ થાય છે. આ ઉપરાંત, હિન્દુકુશ ક્ષેત્રમાં ચમન ફોલ્ટ, હરી રુડ ફોલ્ટ અને પામિર થ્રસ્ટ ફોલ્ટ જેવી સક્રિય ફોલ્ટ લાઈનો હાજર છે, જે ભૂકંપનું જોખમ વધારે છે.અફઘાનિસ્તાનમાં મોટાભાગની ઈમારતો, ખાસ કરીને ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં, માટીની ઈંટો, કાદવ અને લાકડાથી બનેલી છે.

આ માળખા ભૂકંપ-પ્રતિરોધક નથી અને હળવા ધ્રુજારી સાથે પણ તૂટી પડે છે. જલાલાબાદ જેવા શહેરી વિસ્તારોમાં પણ, ઈમારતો મોટાભાગે ઈંટ અને કોંક્રિટથી બનેલી હોય છે, પરંતુ તેમની ગુણવત્તા ઘણીવાર નબળી હોય છે. નબળા બાંધકામ ધોરણો અને ભૂકંપ-પ્રતિરોધક ડિઝાઈનના અભાવને કારણે મધ્યમ ભૂકંપ પણ ભારે નુકસાન પહોંચાડે છે.



કુનાર અને નંગરહાર જેવા પર્વતીય વિસ્તારોમાં ભૂસ્ખલન અને અવરોધિત રસ્તાઓ બચાવ કામગીરીને અત્યંત મુશ્કેલ બનાવે છે. ભૂકંપ પછી ભૂસ્ખલનને કારણે ઘણા રસ્તાઓ અવરોધિત થયા હતા, જેના કારણે રાહત ટીમો અને ભારે મશીનરી દૂરના ગામડાઓ સુધી પહોંચી શકતી ન હતી. હેલિકોપ્ટર ઘાયલોને બહાર કાઢવામાં મદદ કરી રહ્યા છે, પરંતુ આ પૂરતું નથી. અફઘાનિસ્તાન પહેલાથી જ ગરીબી, દુષ્કાળ અને ખાદ્ય સંકટનો સામનો કરી રહ્યું છે. તાલિબાન શાસન પછી આંતરરાષ્ટ્રીય સહાય અને આર્થિક પ્રતિબંધોમાં ઘટાડો થવાથી દેશમાં પરિસ્થિતિ વધુ ખરાબ થઈ છે. વીજળીનો અભાવ, બંધ બજારો અને અપૂરતી તબીબી સુવિધાઓએ ભૂકંપ પછી રાહત કામગીરીને જટિલ બનાવી દીધી છે. વધુમાં, મહિલાઓ અને બાળકો આપત્તિથી સૌથી વધુ પ્રભાવિત થયા છે, અને રોગચાળાનું જોખમ પણ વધ્યું છે.

### સિંગાપુર ભારતમાં રોકાણનો મુખ્ય સ્ત્રોત

## સિંગાપુરના PM લોરેન્સ વોંગ પહેલી વાર આવશે ભારત

(સંપૂર્ણ સમાચાર સેવા)સિંગાપુર

સિંગાપુરના વડાપ્રધાન લોરેન્સ વોંગ ૨ થી ૪ સપ્ટેમ્બર સુધી ભારતના પ્રવાસે આવી રહ્યા છે. આ યાત્રા દરમિયાન બંને દેશો વચ્ચે શિપિંગ, નાગરિક ઉડ્ડયન અને અવકાશ જેવા ક્ષેત્રોમાં સંબંધોને વેગ આપવા માટે પાંચ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવશે. સૂત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે વડાપ્રધાનના રૂપમાં વોંગ પહેલી વાર ભારત પ્રવાસે આવી રહ્યા છે. આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય બંને પક્ષો વચ્ચે દ્વિપક્ષીય આર્થિક સંબંધોને વધારવાનો છે. વડાપ્રધાન મોદી અને વોંગ ગુરૂવારે મહારાષ્ટ્રમાં એક કન્ટેનર ટર્મિનલના વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કરશે. પોર્ટ ઓફ સિંગાપુર ઓથોરિટીએ આ પરિયોજનામાં એક અરબ ડોલરથી પણ વધારેનુ રોકાણ કર્યુ છે. આંકડા મુજબ, સિંગાપુર ભારત માટે રોકાણનો એક મુખ્ય સ્ત્રોત છે. ૨૦૧૪થી અત્યાર સુધીમાં સિંગાપુરનું કુલ રોકાણ ૧૭૫ અબજ ડોલર સુધી પહોંચી ગયું છે, જેમાં કોરોના બાદના સમયગાળામાં ૬૦ અબજ ડોલરનું રોકાણ શામેલ છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં વડાપ્રધાન મોદીની સિંગાપુર યાત્રા દરમિયાન ભારત-સિંગાપુર સંબંધોને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી સુધી વધારવામાં આવ્યો હતો. વિદેશ મંત્રાલયે મંગળવારે વોંગની યાત્રાની જાહેરાત કરતાં કહ્યું કે સિંગાપુર ભારત માટે એક મહત્વપૂર્ણ ભાગીદાર છે, જેમાં ભારતની 'એક્ટ ઈસ્ટ' પોલિસી પણ સામેલ છે. મંત્રાલયે જણાવ્યું હતું કે વોંગની યાત્રા ભારત-સિંગાપુર રાજનૈતિક સંબંધોની ૬૦મી વર્ષગાંઠના અવસરે થઈ રહી છે. આ બંને દેશોની વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટેની સતત પ્રતિબદ્ધતાને દર્શાવે છે. બંને દેશોના વડાપ્રધાન પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે. વોંગ સાથે તેમની પત્ની અને એક ઉચ્ચ સ્તરના પ્રતિનિધિમંડળ પણ આવશે, જેમાં કેબિનેટ મંત્રી અને વરિષ્ઠ અધિકારીઓ સામેલ રહેશે. વડાપ્રધાન વોંગ ભારતની રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરશે.

વિદેશ મંત્રી એસ. જયશંકર અને અનેક અન્ય કેન્દ્રીય મંત્રીઓ પણ વડાપ્રધાન વોંગ સાથે મુલાકાત કરશે.મહત્વનુ છે કે બંને દેશો મંત્રીઓની બેઠકમાં કનેક્ટિવિટી, ટેકનોલોજી, કૌશલ વિકાસ અને ડિજિટલાઈઝેશન જેવા ક્ષેત્રોમાં હસ્તાક્ષર થઈ શકે છે.

### ભારતે અમેરિકા સાથે રહેવું જોઈએ: નવારો

## PM મોદી, પુતિન અને જિનપિંગની મુલાકાતથી અમેરિકા ભડક્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે (૧ સપ્ટેમ્બર) ચીનમાં શાંઘાઈ સહયોગ સંગઠન દરમિયાન રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરી હતી. જ્યાં બંને વચ્ચે ખાસ બેઠક પણ થઈ હતી. જોકે, અમેરિકાને આ મીટિંગથી તકલીફ થઈ રહી છે. ટ્રમ્પને ટ્રેડ એડવાઈઝર પીટર નવારોએ આ મામલે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, ભારતે અમેરિકાની સાથે રહેવું જોઈએ, ન કે રશિયા સાથે. એક અહેવાસ અનુસાર, પીટર નવારોએ કહ્યું કે, 'ભારતે અમારી સાથે રહેવું જોઈએ, ન કે રશિયા સાથે. વડાપ્રધાન મોદી ચીનના પ્રમુખ શી જિનપિંગ અને રશિયાના પ્રમુખ પુતિન સાથે કામ કરી રહ્યા છે, આ યોગ્ય નથી.'નોંધનીય છે કે, વડાપ્રધાન મોદી એસસીઓ સમિટ દરમિયાન જિનપિંગ સાથે જોવા મળ્યા હતા. વળી, પુતિન પણ મોદી સાથે જોવા મળ્યા હતા. આ બંને વચ્ચે લાંબી વાતચીત થઈ હતી. જોકે, આ મામલે અમેરિકા નારાજ થઈ ગયું છે. પીટર નવારોએ ભારત પર વધારાના ટેરિફ મુદ્દે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, 'ભારત સાથે બે પ્રકારની તકલીફ છે અને આ જ કારણે ટેરિફ લગાવવામાં આવ્યો છે. પહેલું તે અનફેર ટ્રેડ કરે છે. જેના કારણે ૨૫ ટકા ટેરિફ લાદવામાં આવ્યો અને બીજું રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરી છે. આ કારણે પણ ૨૫ ટકા ટેરિફ લગાવવામાં આવ્યું છે.' નવારોએ કહ્યું કે, ભારત, યુક્રેન યુદ્ધને વધારી રહ્યું છે. તેમણે કહ્યું કે, રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદે છે અને રશિયા પોતાની કમાણી યુદ્ધમાં લગાવી રહ્યું છે. નોંધનીય છે કે, રશિયા અને યુક્રેન વચ્ચે મહીનાઓથી યુદ્ધ ચાલી રહ્યું છે પરંતુ, હજુ સુધી આ મામલે કોઈ સમાધાન નથી થઈ શક્યું. પ્રમુખ ટ્રમ્પ તરફથી પણ આ અંગે પ્રયાસ કરવામાં આવ્યા હતા. તેમણે પુતિન અને ઝેલેન્સ્કી સાથે બેઠક કરી હતી.

## ભારતની કંપનીઓને મોટો ફટકો: દવાઓ પર ૨૦૦ ટકા ટેરિફ લગાવવાની તૈયારીમાં ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આયાત થતી દવાઓ પર ૨૦૦% કે તેથી વધુનો ટેરિફ લગાવવાની યોજના બનાવી છે. તેમનો ઉદ્દેશ્ય વિદેશથી દવાઓનું ઉત્પાદન પાછું અમેરિકા લાવવાનો છે. જોકે, તેમણે કંપનીઓને તૈયારીનો સમય આપવા માટે આ ટેરિફ લાગુ કરવામાં લગભગ એકથી દોઢ વર્ષનો વિલંબ કરવાની વાત પણ કહી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જો અમેરિકા આયાત પર ટેરિફ લગાવશે તો ભારતને અસર થઈ શકે છે. ભારત જેનરિક દવાઓનો મુખ્ય નિકાસકાર હોવાથી, ભારતીય દવા ઉત્પાદકોને નુકસાન થઈ શકે છે અને તેમની નિકાસ પર અસર પડી શકે છે. જોકે, કેટલાક અહેવાલો સૂચવે છે કે ટ્રમ્પ વહીવટીતંત્ર મુખ્યત્વે ચીનથી આયાત થતી દવાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. ટ્રમ્પનો મુખ્ય હેતુ ફાર્મા કંપનીઓને અમેરિકામાં ઉત્પાદન કરવા દબાણ લાવવાનો છે, જેના પર કોઈ ટેરિફ લાગશે નહીં. આ નીતિના કારણે જોન્સન એન્ડ જોન્સન અને રોશ જેવી મોટી કંપનીઓએ પહેલેથી જ અમેરિકામાં રોકાણ વધારવાની જાહેરાત કરી છે. નિષ્ણાતો માને છે કે ટ્રમ્પના ઊંચા ટેરિફથી દવાઓ મોંઘી થશે અને તેની અછત સર્જાઈ શકે છે. આનાથી ખાસ કરીને ઓછો નફો ધરાવતી જેનરિક દવાઓ પર વધુ અસર થશે. વિશ્લેષકોના અંદાજ મુજબ, ફક્ત ૨૫% ટેરિફ પણ અમેરિકામાં દવાઓનો ખર્ચ ૫૧ અબજ ડોલર સુધી વધારી શકે છે.

દવા કંપનીઓ અને ઉદ્યોગોએ આ પગલાની ટીકા કરી છે, કારણ કે તેમને ભય છે કે ટેરિફ R&D અને નવીનતાને નુકસાન પહોંચાડશે. જોકે, કેટલાક રોકાણકારો અને વિશ્લેષકો માને છે કે ૨૦૦% ટેરિફ ખરેખર લાગુ નહીં થાય, પરંતુ તે માત્ર એક વાટાઘાટોની યુક્તિ હોઈ શકે છે.

## અમેરિકાએ ૮ યુદ્ધ જહાજો તહેનાત કરતા વેનેઝુએલા ભડક્યું: સેનામાં મોટાપાયે ભરતી શરૂ કરી

### આ સાથે વેનેઝુલાએ સરહદ પર ૧૫૦૦૦ સૈનિકો તહેનાત કરી દીધા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

દક્ષિણ અમેરિકી દેશ વેનેઝુએલાએ પોતાની સરહદ પર ભારે સંખ્યામાં સૈનિકો તહેનાત કરી દીધા છે અને દેશભરના યુવાનોને મિલિશિયા એટલે કે સેનામાં સામેલ કરવા માટે ધડાધડ કામગીરી શરૂ કરી દીધી છે.

વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોએ સોમવારે ચેતવણી આપી કે, જો કેરેબિયન સમુદ્રમાં અમેરિકન સેના અમારા દેશ પર હુમલો કરશે તો અમે પણ વળતો જવાબ આપીશું. વાસ્તવમાં અમેરિકાએ વેનેઝુએલાની નજીક સમુદ્રમાં આઠ યુદ્ધ જહાજો તૈનાત કર્યા છે, જેના કારણે વેનેઝુએલાએ પણ વળતાજવાબમાં સૈન્ય કાર્યવાહી શરૂ કરી દીધી છે. આ સાથે વેનેઝુલાએ સરહદ પર ૧૫૦૦૦ સૈનિકો તહેનાત કરી દીધા છે.

વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરાએ દાવો કર્યો છે કે, 'અમેરિકાએ ૧૨૦૦ મિસાઈલો ભરેલા આઠ યુદ્ધ જહાજો તેમના દેશની સીમા પાસે તહેનાત કર્યા છે, જે સંપૂર્ણપણે અપરાધિક કૃત્ય છે. અમેરિકાની આ કાર્યવાહી અમારા દેશ માટે સૌથી મોટો ખતરો છે. આ સૈન્ય સ્થિતિને જોતાં અમે અમારા દેશના સંરક્ષણ માટે મોટાભાગની તૈયારી કરવાની જાહેરાત કરી છે.'

રિપોર્ટ મુજબ અમેરિકન સેનાના ૨૦૦૦ નેવી જવાનો સહિત ૪૫૦૦ જવાનો તહેનાત કર્યા છે.

મીડિયા અહેવાલોમાં એવું પણ કહેવાયું છે કે, જો અમેરિકન યુદ્ધ જહાજો ક્ષેત્રમાં પ્રવેશ કરશે તો આ સપ્તાહની અંદર બંને દેશો વચ્ચે સ્થિતિ વણસી શકે છે.

મીડિયા રિપોર્ટમાં દાવો કરાયો છે કે, અમેરિકાએ ડ્રગ કાર્ટેલ પર નિયંત્રણ મેળવાવ માટે કાર્યવાહી કરી છે અને આ માટે અમે સમુદ્રમાં યુદ્ધ જહાજો તહેનાત કરવાની સાથે હજારો સૈનિકો પણ તહેનાત કરી દીધા છે. તેણે વેનેઝુએલા પર હુમલો કરવાની કોઈ યોજના બનાવી નથી.

જોકે તેમ છતાં વેનેઝુએલા સરકારે કોલંબિયા દરિયાકાંઠે અને સરહદ પર મોટી સંખ્યામાં સૈનિકો તહેનાત કરી દીધા છે અને યુવાઓને સેનામાં સામેલ કરવાની પૂરજોશમાં પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

બંને દેશો વચ્ચે દાયકાઓથી સંબંધો તણાવપૂર્ણ રહ્યા છે. વૉશિંગ્ટન ૨૦૧૯થી જ વેનેઝુએલાના વિપક્ષી નેતા જુઆન ગુએદોને સમર્થન આપી રહ્યું છે અને વર્તમાન રાષ્ટ્રપતિ માદુરોના ચૂંટણી પરિણામોને માન્યતા આપવાનો ઈનકાર કરતું રહ્યું છે.

અમેરિકાએ દાવો કર્યો છે કે, તે ડ્રગ કાર્ટેલને અંકુશમાં લાવવા માટે દરિયાઈ સુરક્ષા વધારી રહ્યું છે. જોકે માદુરોને લાગે છે કે, અમેરિકા તેની સરકારને ઉથલાવી દેવા માટે હુમલો કરવા માંગે છે.




# તંત્રી લેખ......

## ભારતે સેમીકંડકટર ટેક્નોલોજીમાં મોટી સિદ્ધિ હાંસલ કરી

ભારતે સેમીકંડકટર ટેક્નોલોજીમાં મોટી સિદ્ધિ હાંસલ કરી. ભારતમાં બનેલી પહેલી સેમીકંડકટર ચિપ આજના દિવસે લોન્ચ કરવામાં આવી છે. કેન્દ્રીય IT મંત્રી અશ્વિની વૈષ્ણવે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને દેશમાં બનેલી પહેલી ચિપ ભેટ આપી. આ પ્રસંગે તેમણે વિક્રમ ૩૨-બિટ પ્રોસેસર (Vikram 32-bit chip) અને ચાર અન્ય મંજૂર પ્રોજેક્ટ્સના ટેસ્ટ ચિપ્સ પણ રજૂ કર્યા. આ ચિપને ISROની સેમીકંડકટર લેબમાં બનાવવામાં આવી છે. ૨ સપ્ટેમ્બર પીએમ મોદીએ દિલ્હી ખાતે Semicon India ૨૦૨૫ નું ઉદઘાટન કર્યુ. આ અવસરે IT મંત્રી વૈષ્ણવે જણાવ્યું કે, થોડા વર્ષો પહેલા વડાપ્રધાનની દૂરંદર્શી દ્રષ્ટિથી 'ઈન્ડિયા સેમીકંડકટર મિશન'ની શરૂઆત થઈ હતી. માત્ર ત્રણ સાડા ત્રણ વર્ષમાં જ ભારતે વિશ્વનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે જેમ ઓઈલને બ્લેક ગોલ્ડ કહેવામાં આવે છે, તેમ સેમીકંડકટર ચિપ ડિજિટલ ડાયમંડ એટલે કે હીરો છે. ૨૧મી સદીની પ્રગતિનો આધાર આ ચિપ્સ પર જ છે. એક નાનકડી ચિપ ભવિષ્યમાં મોટી નવીનતા અને વિકાસ લાવશે. ભારત આ ક્રાંતિમાં મોટી ભૂમિકા ભજવશે. આજના દિવસમાં ભારતમાં પાંચ સેમીકંડકટર યુનિટ્સ પર ઝડપથી કામ ચાલી રહ્યું છે.

મંત્રી વૈષ્ણવે કહ્યું કે પીએમ મોદીને આજની પહેલી મેડ-ઈન-ઈન્ડિયા ચિપ ભેટ આપવી આ સફરની મોટી સિદ્ધિ છે અને આવનારા સમયમાં ભારત આ ક્ષેત્રમાં વધુ મજબૂત બનશે. આજથી Semicon India ૨૦૨૫ સંમેલન શરૂ થયું છે, જે ૪ સપ્ટેમ્બર સુધી ચાલુ રહેશે. આ સંમેલનમાં ૪૮થી વધુ દેશોમાંથી લગભગ ૨,૫૦૦ પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે.

અહીં સેમીકંડકટર ફેબ્રિકેશન, એડવાન્સ પેકેજિંગ પ્રોજેક્ટ્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સંશોધન, સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ અને રોકાણના નવા અવસરો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.

ગુજરાતમાં ૧૫ આદિવાસી જિલ્લાઓ, ૯૪ તાલુકાઓ અને ૪,૨૪૫ ગામડાઓમાં આ કાર્યક્રમ ચલાવાશે

# 'આદિ કર્મયોગી અભિયાન' એ દેશનું સૌથી વિશાળ આદિવાસી નેતૃત્વ નિર્માણ માટેનું જન આંદોલનઃ આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેર ડિંડોર

**આ અભિયાનને સફળ બનાવવા આદિજાતિ વિકાસ વિભાગ સાથે સંબંધિત લાઈન ડિપાર્ટમેન્ટોને પણ સાંકળવામાં આવ્યા છે :- આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કુંવરજી હળપતિ**




આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે ગાંધીનગરથી અભિયાન અંગે વિગતો આપતા કહ્યું હતું કે, આદિ કર્મયોગી અભિયાન એ ભારતનું સૌથી વિશાળ આદિવાસી નેતૃત્વ નિર્માણ માટેનું જન આંદોલન છે, જે આદિવાસી વિસ્તારોમાં પાયાના શાસન અને સેવા વિતરણમાં ધરમૂળથી પરિવર્તન લાવવા માટેનું મિશન ધરાવે છે. જે સેવા, સમર્પણ અને સંકલ્પ દ્વારા સંચાલિત છે. આ અભિયાનનો ઉદ્દેશ "ભારતના આદિવાસી પ્રદેશોમાં બહુસ્તરીય ક્ષમતા નિર્માણ અને નેતૃત્વ વિકાસ દ્વારા લોક કેન્દ્રિત શાસન પ્રણાલી અને પ્રતિભાવશીલ શાસન વ્યવસ્થાને સંસ્થાકીય બનાવવાનો છે." આ અભિયાન પ્રધાનમંત્રી જનજાતિય આદિવાસી મહા અભિયાન (PM-JANMAN) અને ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન (DA-JGUA)ના વ્યાપક માળખા સાથે જોડાયેલ છે. આ અભિયાન આદિજાતિ મંત્રાલય (MoTA) દ્વારા સંચાલિત છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભગવાન બિરસા મુંડાના જન્મદિવસથી આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે તેમ, મંત્રીશ્રીએ કહ્યું હતું. ડૉ. કુબેર ડિંડોરે જણાવ્યું હતું કે, આદિ કર્મયોગી કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રીની આદિવાસી પ્રત્યેની સંવેદનશીલતા અને દીર્ઘદ્રષ્ટિ જોઈ શકાય છે. આ અભિયાન વડાપ્રધાનશ્રીના દુરંદેશી નેતૃત્વનું પરિણામ છે. PM-JANMAN અને DA-JGUA આદિ કર્મયોગી અભિયાન સાથે સંકળાયેલ છે. આ અભિયાનમાં ભારત દેશના ૦૧ લાખ આદિવાસી પ્રભુત્વ ધરાવતા ગામડાઓ, ૩,૦૦૦ આદિવાસી તાલુકાઓ, ૫૫૦ થી વધુ આદિવાસી જિલ્લાઓ, ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં આ અભિયાન અંતર્ગત ગુજરાતમાં ૧૫ આદિવાસી જિલ્લાઓ, ૯૪ તાલુકાઓ અને ૪,૨૪૫ ગામડાઓમાં આ કાર્યક્રમ ચાલવાનો છે. આ કાર્યક્રમ અંતર્ગત ૨૦ લાખ ચેન્જ લીડર કેડર તૈયાર કરવા પર ભાર આપવામાં આવી રહ્યો છે. આ ચેન્જ લીડરો આદિવાસી લોકોની સમસ્યાઓ અને જરૂરિયાતોને સમજીને તેનું નિરાકરણ લાવવા માટે કામગીરી કરવામાં આવશે તેમ, મંત્રી શ્રી ડિંડોરે ઉમેર્યું હતું.

અભિયાનના મુખ્ય હેતુઓ

- પ્રતિભાવશીલ, પારદર્શક અને જવાબદાર શાસનને પ્રોત્સાહન આપવું.
- નીચેથી ઉપર સુધીના દ્રષ્ટિકોણ અને સહભાગી આયોજન સરળ બનાવવું.
- સક્રિય ફરિયાદ નિવારણ અને પ્રતિસાદ પ્રણાલીને સંસ્થાકીય બનાવવી.
- રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરીય યોજનાઓના સહયોગી અમલીકરણને સક્ષમ બનાવવું.
- વિકસિત ભારત@૨૦૪૭ માટે સૂક્ષ્મ સ્તરીય દ્રષ્ટિકોણથી કાર્યક્રમો ચલાવવા.
- વસવાટ (habitation) થી રાજ્ય સુધી બહુસ્તરીય નેતૃત્વ માળખું સ્થાપિત કરવું.
- કન્વર્ઝન્સ દ્વારા છેલ્લા માઈલ ડીલેવરી સુનિશ્ચિત કરવી (PM-JANMAN, Dharti Aaba Abhiyan, Sickle Cell Mission, EMRS, scholarships)

આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કુંવરજી હળપતિએ કહ્યું હતું કે, આદિ કર્મયોગી અભિયાનને PM-JANMAN, DA-JGUA, રાષ્ટ્રીય સિકલ સેલ નાબૂદી અભિયાન, EMRS વિસ્તરણ અને શિષ્યવૃત્તિ વગેરે યોજનાઓનું એકીકરણ કરી રાષ્ટ્રીય મિશન સાથે સુમેળ સાધવાનો છે. આ અભિયાનમાં આદિજાતિ વિકાસ વિભાગ સાથે સંબંધિત લાઈન ડિપાર્ટમેન્ટોને પણ સાંકળવામાં આવ્યા છે, જેમાં આરોગ્ય વિભાગ, શિક્ષણ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગ્રામ વિકાસ વિભાગ, ફોરેસ્ટ વિભાગ, પંચાયતી રાજ વિભાગ, તેમજ ડ્રીંકિંગ વોટર અને સેનિટેશન વિભાગનો સમાવેશ થાય છે.

મંત્રી શ્રી હળપતિએ જણાવ્યું હતું કે, આ અભિયાન અંતર્ગત ૦૩ કેડરની કેટેગરી પાડવામાં આવી છે, જેમાં (૧) આદી કર્મયોગી, (૨) આદિ સહયોગી અને (૩) આદિ સાથીનો સમાવેશ થાય છે. જેમાં (૧) આદિ કર્મયોગીમાં સરકારી કર્મચારીઓ અને અધિકારીશ્રીઓ, (૨) આદિ સહયોગીમાં યુવા નેતાઓ, શિક્ષકો, ડોક્ટરો, સમાજ કાર્યકરો અને (૩) આદિ સાથીમાં આદિવાસી નેતા, આદિવાસી વૈદુ ભગતો, SHGsના સભ્યો, આંગણવાડી કાર્યકર, વોલેન્ટિયર વગેરેને અનુક્રમે રાજ્ય, જિલ્લા અને તાલુકો સ્તરે તાલીમ આપીને આદિવાસી લોકોમાં ક્ષમતા નિર્માણ અને નેતૃત્વ વિકસાવવાનો છે.

તેમણે કહ્યું હતું કે, આદિજાતિ વિકાસ વિભાગ અને લાઈન ડિપાર્ટમેન્ટના કુલ - ૦૮ અધિકારીશ્રીઓએ મહારાષ્ટ્રના પૂણે ખાતે ઉપસ્થિત રહીને આદિ કર્મયોગી અભિયાન-રિજ્યોનલ પ્રોસેસ લેબ અંતર્ગત આદિ કર્મયોગી અંગેની સ્ટેટ માસ્ટર ટ્રેનર તરીકેની તાલીમ મેળવી હતી. ગત તા. ૨૨ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ સ્વર્ણિમ સંકુલ, નવા સચિવાલય ખાતે આદિ કર્મયોગી અભિયાન અંતર્ગત એક દિવસનો ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં આદિજાતિ વિકાસ વિભાગના અને લાઈન ડિપાર્ટમેન્ટના કુલ-૭૦ થી વધુ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. તા. ૨૫ થી ૨૮ ઓગસ્ટ, ૨૦૨૫ દરમિયાન નારાયણી હાઈટ્સ હોટેલ, ભાટ, ગાંધીનગર ખાતે આદિવાસી વિસ્તાર ધરાવતા ૧૫ જિલ્લાના ૧૦૪ થી વધુ અધિકારીઓને ડિસ્ટ્રિક્ટ માસ્ટર ટ્રેનર તરીકેની તાલીમ આપવામાં આવી હતી. આદિજાતિઓની વસ્તી ધરાવતા ૧૫ જિલ્લાઓમાં જિલ્લા કલેકટરશ્રીની અધ્યક્ષતામાં આદિ કર્મયોગી અભિયાન અંતર્ગત એક દિવસીય ઓરિએન્ટેશન કાર્યક્રમો યોજાઈ ગયા છે તેમજ સપ્ટેમ્બર-૨૦૨૫ માસના પ્રથમ અઠવાડિયામાં આદિ કર્મયોગી અભિયાન અંતર્ગત ડીસ્ટ્રીકટ પ્રોસેસ લેબ અંતર્ગત તાલુકામાંથી આવેલા અધિકારીશ્રીઓને બ્લોક માસ્ટર ટ્રેનરની તાલીમ આપવામાં આવી રહી છે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આ કાર્યક્રમ આદિ કર્મયોગીથી આદિ સહયોગી અને આદિ સહયોગીથી આદિ સાથી સુધી પહોંચવાનો છે. આદિવાસી વિસ્તારમાં વસવાટ કરતા પછાત અને ગરીબ લોકોને સરકારની તમામ યોજનાઓનો લાભ મળે તે માટે ગ્રામ્ય કક્ષાએ વિલેજ વિઝન બિલ્ડીંગ અને વિલેજ એકશન પ્લાન તૈયાર કરવામાં આવનાર છે, આ આયોજન નીચેથી ઉપર જશે. ગ્રામીણ કક્ષાએ એક આદિ સેવા કેન્દ્ર તૈયાર કરવામાં આવશે અને સ્થાનિક આદિવાસી લોકોની જરૂરિયાતો અને પ્રશ્નો સમજવામાં આવશે અને તેના ઉકેલો પણ સ્થાનિક કક્ષાએથી મળે તે મુજબની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. તા. ૦૨ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ભારતમાં અને ગુજરાતમાં "સવિશેષ ગ્રામસભા" યોજાનાર છે. આ વિશેષ ગ્રામસભામાં ગામડાઓના લોકો દ્વારા વિલેજ વિઝન બિલ્ડીંગ અને વિલેજ એકશન પ્લાન અંગે ચર્ચા કરવામાં આવનાર છે. આપણે સૌએ સાથે મળીને વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત@૨૦૪૭ના વિઝનને સાકાર કરવાનું છે. આપણને એક અવસર મળ્યો છે કે આપણે સૌ સાચા આદિ કર્મયોગી, આદિ સહયોગી અને આદિ સાથી બનીએ અને આદિજાતિના જે કુટુંબો સરકારી યોજનાઓના લાભથી વંચિત રહી ગયા છે તેમને સમયસર અને યોગ્ય લાભ પહોંચાડવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

- જનક દેસાઈ/ઋચા રાવલ

૧ થી ૫ તારીખ વચ્ચે મળશે સેલરી

# ઉત્તરપ્રદેશના લાખો આઉટસોર્સ કર્મચારીઓ માટે ગુડ ન્યૂઝ

**આઉટસોર્સ સેવા નિગમના પ્રસ્તાવ સહિત ૧૫ મહત્વના પ્રસ્તાવોને યોગી કેબિનેટે આજની થયેલી બેઠકમાં મંજૂરી આપી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ

ઉત્તરપ્રદેશના લાખો આઉટસોર્સ કર્મચારીઓ માટે ગુડ ન્યૂઝ છે. રાજધાની લખનઉમાં યોગી આદિત્યનાથ કેબિનેટની બેઠકમાં યુપી આઉટસોર્સિંગ સર્વિસ કોર્પોરેશન બનાવવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે.પ્રસ્તાવ અનુસાર પોર્ટલ દ્વારા સર્વિસ પ્રોવાઈડર રાખવામાં આવશે. ન્યુનત્તમ વેતનમાન ૧૬,૦૦૦ રૂપિયાથી લઈને ૨૦,૦૦૦ રૂપિયા સુધી,એજન્સીની નિયુક્તિ ૩ વર્ષના સમયગાળા માટે કરવામાં આવશે. કોર્પોરેશનની રચના બાદ આઉટસોર્સ કર્મચારીઓનો પગાર સીધો તેમના ખાતામાં જશે.યુપી આઉટસોર્સિંગ સેવા નિગમની રચના બાદ આઉટસોર્સ કર્મચારીઓને મહિનામાં ૧થી ૫ તારીખ વચ્ચે સેલરી આપવામાં આવશે. બેઠક બાદ કેબિનેટ મંતેરી સુરેશ ખન્નાએ આ વાત જણાવતા કહ્યુ કે આઉટસોર્સિંગના માધ્યમથી કરનારી ભરતીઓમાં આરક્ષણની વાત કરવામાં આવી છે. જેમાં એસસી, એસટી, મહિલા , દિવ્યાંગ દરેકનું આરક્ષણ થશે, રચના હેઠળ આઉટસોર્સ કર્મીઓને એક મહિનામાં ૨૬ દિવસની સેવા આપવાની રહેશે. કેબિનેટ મંત્રી સુરેશ ખન્નાએ એ પણ કહ્યુ કે આઉટસોર્સ રચનાના માધ્યમથી પસંદગી પ્રક્રિયામાં લેખિત પરીક્ષા સિવાય મૌખિક પણ આપવાની રહેશે. યોગી સરકારની કેબિનેટ બેઠકમાં એક મહત્વના નિર્ણય પ્રમાણે નવી ઈ બસો ખરીદવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી છે. નવા પ્રસ્તાવ પ્રમાણે લખનઉં અને કાનપુર માટે ૧૦૦ ૧૦૦ નવી ઈ બસો ખરીદવામાં આવશે, જેથી બંને મોટાં શહેરોમાં પરિવહન સુવિધા સારી બનશે, આ સિવાય કેબિનેટની બેઠકમાં નવી નિકાસ નીતિને પણ મંજૂરી આપવામાં આવી હતી. પાંચ વર્ષ માટે બનાવવામાં આવેલી નવી નિકાસ નીતિમાં, અમેરિકન ટેરિફ યુદ્ધને ધ્યાનમાં રાખીને ઉત્તર પ્રદેશના નિકાસકારો અને વેપારીઓ માટે ખાસ છૂટછાટોની જોગવાઈ કરવામાં આવી છે.યોગી સરકારની કેબિનેટ બેઠકમાં પૈતૃક સંપત્તિની રજીસ્ટ્રી પર પણ મોટો નિર્ણય થયો છે. પૈતૃક સંપતિની રજીસ્ટ્રી પર ૫ હજાર રૂપિયા ફીનો પ્રસ્તાવ પાસ થયો છે. આ સિવાય ઉત્તર પ્રદેશની ઈલેક્ટ્રોનિક્સ પોલિસીને પણ મંજૂરી મળી છે. આ પોલીસીનો ઉદ્દેશ્ય ઉત્તર પ્રદેશને ઈલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગના રૂપમાં વિકસિત કરવુ છે. સંભલની ન્યાયિક રિપોર્ટ પણ કેબિનેટની મીટિંગમાં રજૂ કરવામાં આવી.

સેવા કેમ્પમાં શ્રદ્ધાળુઓ માટે ચા-નાસ્તો, શરબત, પાણી, સફરજન અને વિસામાની વ્યવસ્થા

# છેલ્લા ૨૫ વર્ષથી માઈભક્તોની અવિરત સેવા કરતો માણસાના આનંદપુરા અને વેડા ગામનો "માઁ શ્રી વેડાઈ સેવા કેમ્પ"

**એક નાનકડા વિચારથી શરુ કરાયેલા આ કેમ્પમાં દરવર્ષે આશરે ૩૦ થી ૩૫ હજાર પદયાત્રીઓને વિવિધ સેવાનો લાભ મળે છે**







માઁ જગદંબાના આશીર્વાદ અને પદયાત્રીઓની સેવા કરવાના દ્રઢ સંકલ્પ સાથે "માઁ શ્રી વેડાઈ સેવા કેમ્પ" છેલ્લા ૨૫ વર્ષથી માઈભક્તોની અવિરત સેવા યાત્રા કરી રહ્યો છે. આ યાત્રાની શરૂઆત માત્ર એક નાનકડા વિચારથી થઈ હતી, જે આજે હજારો પદયાત્રીઓની સેવા થકી વિશાળ વટવૃક્ષ બની છે.

**એક સંકલ્પથી શરૂ થયેલી યાત્રા**

ગાંધીનગરના માણસા તાલુકાના આનંદપુરા અને વેડા ગામના યુવાનોનો એક સંઘ વર્ષ ૧૯૯૫થી દરવર્ષે વેડાથી અંબાજીની પદયાત્રા પર જતો હતો. પદયાત્રા દરમિયાન આ યુવાનોને હડોલથી ટીંબા વચ્ચેના ૮ કિલોમીટરના દુર્ગમ અને કાચા રસ્તા પર ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ ઢોળાવવાળા રસ્તા પર યાત્રા કરી રહેલા શ્રદ્ધાળુઓને પીવાનું પાણી પણ નસીબ ન થતું. આ પરિસ્થિતિ જોઈને વર્ષ ૧૯૯૯માં આ યુવાનોએ દ્રઢ સંકલ્પ કર્યો કે આવતા વર્ષથી, એટલે કે વર્ષ ૨૦૦૦થી, તેઓ આ રસ્તા પર યાત્રાળુઓ માટે પીવાના પાણીનો સેવા કેમ્પ શરૂ કરશે. માઁ અંબાને આપેલું આ વચન પૂરું કરવા માટે ગામના યુવાનોએ "માઁ વેડાઈ સેવા કેન્દ્ર"ની સ્થાપના કરીને પદયાત્રીઓની સેવા શરૂ કરી હતી.

**સેવાનો વિસ્તરતો વ્યાપ**

સેવા શરુ કર્યાના શરૂઆતના પાંચ વર્ષ સુધી યુવાનોના સેવા કેમ્પ દ્વારા પદયાત્રીઓને ફક્ત લીંબુ શરબત અને પાણીની સુવિધા પૂરી પાડવામાં આવતી હતી. સમય જતાં દાતાઓના સહયોગથી આ સેવા કેમ્પમાં પાણી-શરબત સાથે વિવિધ પ્રકારના નાસ્તા, ચા અને મેડિકલ સેવાઓ પણ ઉમેરવામાં આવી હતી.

આ ઉપરાંત ગ્રામજનોના સહકારથી પદયાત્રીઓ માટે એક વિશાળ વિસામાનું પણ નિર્માણ કરવાનું શરુ કર્યું હતું, જેથી પદયાત્રીઓ બે ઘડી આરામ કરી શકે. આ સેવા કેમ્પ દ્વારા છેલ્લા દસ વર્ષથી માઈભક્તોને સતત સફરજનનો પ્રસાદ આપવામાં આવી રહ્યો છે. સફરજનને કાપી, તેના પર મસાલો નાખીને શ્રદ્ધાળુઓને માઁ વેડાઈના પ્રસાદ તરીકે આપવામાં આવે છે.

**શ્રમ અને સમર્પણની ગાથા**

આ સેવા કેમ્પમાં માત્ર પૈસાનું જ નહીં, પરંતુ શ્રમનું પણ દાન થાય છે. ગામના ધંધો, સરકારી-ખાનગી નોકરી અને મોટી ખેતી કરતા યુવાનો પણ આ ચાર દિવસ દરમિયાન સેવા કેમ્પમાં આવીને રાત-દિવસ શ્રદ્ધાળુઓની સેવા કરે છે.

દર વર્ષે આશરે ૩૦ થી ૩૫ હજાર પદયાત્રીઓ આ સેવા કેન્દ્રનો લાભ લે છે. જેમાં ગાંધીનગર, માણસા, વિજાપુર, હિંમતનગર અને વિસનગર તાલુકાના ભક્તોનો પણ સમાવેશ થાય છે. ૧૦ વર્ષ પહેલા સફરજનની સેવા શરૂ કર્યા બાદ, દર વર્ષે લગભગ રૂ. ૫ લાખથી વધુનો ખર્ચ થાય છે. પરંતુ, માઁ વેડાઈની કૃપાથી અને દાતાઓના સહયોગથી આ સેવા અવિરતપણે હજુ પણ ચાલુ છે અને આગામી અનેક વર્ષો સુધી સતત ચાલુ રહેશે.

# ઈન્ડોનેશિયામાં એક ભારતીય સહિત આઠ મુસાફરોને લઈ જતું હેલિકોપ્ટર ગુમ

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈન્ડોનેશિયા

ઈન્ડોનેશિયામાં એક ભારતીય સહિત આઠ મુસાફરોને લઈ જતું હેલિકોપ્ટર અચાનક ગુમ થઈ ગયું છે. એસ્ટિન્ડો એર કંપનીના હેલિકોપ્ટરે સોમવારે બોર્નિયો ટાપુ પરથી ઉડાન ભરી હતી, ત્યારબાદ ગુમ થતા સમગ્ર ટીમે શોધખોળ શરૂ કરી દીધી છે.ઈન્ડોનિસાયી સમાચાર એજન્સી અંતરાના રિપોર્ટ મુજબ એરબેસ બીકે૧૧૭ ઙ૩ મોડલનું હેલિકોપ્ટર ગુમ થયું છે. દક્ષિણ કાલિમંતન પ્રાંતના કોટાબારુ જિલ્લાથી મુસાફરોને લઈને જતું હેલિકોપ્ટર મધ્ય કાલિમંતના પાલતાંકરાયા શહેર જવાનું હતું, જોકે તેનો આઠ જ મિનિટમાં એર ટ્રાફિક કંટ્રોલ સાથે સંપર્ક તૂટી ગયો છે.રિપોર્ટ મુજબ, મુસાફરોના ભારતીય નાગરિક સંથા કુમાર પણ સામેલ હતો. શોધખોળ કરી રહેલી એજન્સીના પ્રમુખ આઈ પુતુ સુદયાનાએ કહ્યું કે, 'અમે હેલિકોપ્ટર શોધવા માટે બે હેલિકોપ્ટર કામે લગાડ્યા છે. વિવિધ એજન્સીઓના સ્થાનીક સ્વયંસેવકો અને ૧૪૦ કર્મચારીઓ પણ શોધખોળ અભિયાનમાં જોડાયા છે. અમારી ટીમ ૨૭ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં જંગલ અને પહાડી વિસ્તારોમાં લાપતા હેલિકોપ્ટરની શોધ કરી રહી છે.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

# પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરે અમદાવાદ ડિવિઝનના બે કર્મચારીઓને સંરક્ષા પુરસ્કારોથી સન્માનિત કર્યા




રેલવેના સંચાલનમાં સલામતીનું ખૂબ મહત્વ હોય છે અને આ સુનિશ્ચિત કરવા માટે, દરેક કર્મચારીની સજાગતા અને સતર્કતા ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર શ્રી વિવેક કુમાર ગુપ્તાએ અમદાવાદ ડિવિઝનના બે રેલવે કર્મચારીઓને તેમના ઉત્કૃષ્ટ કાર્ય માટે સંરક્ષા પુરસ્કારોથી સન્માનિત કર્યા. આ પુરસ્કારો જૂન અને જુલાઈ ૨૦૨૫ દરમિયાન ફરજ પર સતર્કતા દર્શાવવા અને સમયસર સંભવિત અકસ્માતોને ટાળવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા બદલ આપવામાં આવ્યા હતા.


પુરસ્કાર વિજેતાઓ (૧) શ્રી રામકેશ મીણા, જેઓ પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના 'ડીસા' ખાતે સિનિયર ટ્રેક મેન્ટેનર તરીકે કાર્યરત છે. તેઓ ૨૮ જુલાઈ ૨૦૨૫ ના રોજ ફરજ પર હતા. આ સમય દરમિયાન, તેમણે તેમના નિયમિત પેટ્રોલિંગ કાર્ય દરમિયાન વ્હીલમાંથી તણખા નીકળતા જોયા. સંરક્ષાની દ્રષ્ટિએ તે એક મોટી સમસ્યા છે, જે રેલ્વે ટ્રેક પર વધુ પડતા ઘર્ષણ અથવા બ્રેકિંગને કારણે ઉદ્ભવે છે અને જો તેનો સમયસર ઉકેલ ન આવે તો તે મોટી અકસ્માતનું કારણ બની શકે છે.

પરિસ્થિતિની ગંભીરતાને સમજીને, શ્રી મીણાએ સમય બગાડ્યા વિના તેમના વરિષ્ઠ અધિકારીઓને જાણ કરી. જેના કારણે સંરક્ષાના દૃષ્ટિકોણથી જરૂરી પગલાં લઈ શકાયા. આ તેમની તત્પરતા, સમજદારી અને જવાબદારીનું સૂચક છે, જેના કારણે સંભવિત રેલ્વે અકસ્માત ટાળી શકાયો. શ્રી મીણાનું કાર્ય માત્ર પ્રશંસનીય નથી, પરંતુ તે અન્ય ક્ષેત્રીય સ્ટાફ માટે પણ એક આદર્શ ઉદાહરણ છે.

(૨) શ્રી અરુણ કુમાર પશ્ચિમ રેલ્વેના કોચિંગ ડેપો કાંકરિયામાં ટેકનિશિયન તરીકે કાર્યરત છે. ૨૬ જુલાઈ ૨૦૨૫ ના રોજ, જ્યારે તેઓ એક્સલ બોક્સ બેરિંગનું નિયમિત તાપમાન નિરીક્ષણ કરી રહ્યા હતા, ત્યારે તેમણે કોચ નંબર ૨૩૩૯૪૧ ના એક્સલ નંબર ૦૩ પર અસામાન્ય તાપમાનમાં વધારો નોંધ્યો. એક્સલ બોક્સનું વધુ પડતું ગરમ થવું અથવા 'ગરમ એક્સલ' ની સ્થિતિ રેલ કામગીરી માટે અત્યંત ઘાતક સાબિત થઈ શકે છે. આ સંભવિત જોખમને સમજીને, શ્રી અરુણ કુમારે કોઈપણ વિલંબ કર્યા વિના ટ્રેન ઈન્ચાર્જને જાણ કરી. તેમની તાત્કાલિક માહિતી પર, જરૂરી સાવચેતી રાખવામાં આવી હતી અને ટ્રેનને સુરક્ષિત રીતે ચલાવવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવ્યા હતા. પરત ફરતી મુસાફરી દરમિયાન પણ, તેઓએ તે કોચના તાપમાનનું સતત નિરીક્ષણ કર્યું. તેમની સતત દેખરેખ અને સતર્કતાએ એક્સલને વધુ ગરમ થવાથી અટકાવ્યો અને મોટો અકસ્માત ટાળ્યો.

બંને કર્મચારીઓની સતર્કતા અને સમર્પણની પ્રશંસા કરતા, જનરલ મેનેજર શ્રી વિવેક કુમાર ગુપ્તાએ જણાવ્યું હતું કે "આ કર્મચારીઓએ માત્ર પ્રામાણિકતા અને સમર્પણ સાથે તેમની ફરજો બજાવી નથી, પરંતુ રેલ્વે સલામતી પ્રત્યે ઊંડી પ્રતિબદ્ધતા પણ દર્શાવી છે. બ્રેક બંધન, ગરમ એક્સલ જેવા સંભવિત જોખમોને સમયસર ઓળખીને, તેઓએ હજારો મુસાફરોના જીવન અને સંપત્તિની સલામતી સુનિશ્ચિત કરી છે. આ સમર્પણ અને સતર્કતા બધા રેલ્વે કર્મચારીઓ માટે પ્રેરણારૂપ છે."

પશ્ચિમ રેલ્વે તેના કર્મચારીઓ પર ગર્વ અનુભવે છે જે પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ ધીરજ અને સમજણ સાથે કામ કરે છે અને રેલ કામગીરીની સલામતી સુનિશ્ચિત કરે છે. આ સન્માન ફક્ત તેમના વ્યક્તિગત પ્રયત્નોની પ્રશંસા નથી, પરંતુ તે પશ્ચિમ રેલ્વેની સંસ્કૃતિને પણ પ્રતિબિંબિત કરે છે, જ્યાં સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે છે.




RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ ક્રૂડ તેલના વાયદામાં સેંકડા વધ્યાઃ સોના-ચાંદીમાં સામસામા રાહઃ સોનાનો વાયદો રૂ.૫૦ વધ્યો, ચાંદીનો વાયદો રૂ.૧૩૪ ઘટ્યો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૧૦૧૩.૬૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૭૨૬૬૯.૮૬ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૮૦૩૮.૮૪ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૪૬૧૧ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૯૩૬૮૭.૦૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૧૦૧૩.૬૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૭૨૬૬૯.૮૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૪૬૧૧ પોઈન્ટના સ્તરે હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૧૬૯.૦૭ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૮૦૩૮.૮૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૪૮૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૫૩૫૮ અને નીચામાં રૂ.૧૦૪૫૫૮ના મથાળે અથડાઈ, રૂ.૧૦૪૭૮૫ના આગલા બંધ સામે રૂ.૫૦ વધી રૂ.૧૦૪૮૩૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૬૩ વધી રૂ.૮૪૧૦૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૭ વધી રૂ.૧૦૫૨૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૭ વધી રૂ.૧૦૪૦૯૧ થયો હતો. ગોલ્ડ-ટેન સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૫૩૩૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૫૬૧૧ અને નીચામાં રૂ.૧૦૪૫૭૫ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૪૮૧૧ના આગલા બંધ સામે રૂ.૮૯ વધી રૂ.૧૦૪૯૦૦ના ભાવે બોલાયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૨૩૩૪૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૩૫૨૮ અને નીચામાં રૂ.૧૨૨૦૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૨૨૬૩૫ના આગલા બંધ સામે રૂ.૧૩૪ ઘટી રૂ.૧૨૨૫૦૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૩૨૦ ઘટી રૂ.૧૨૪૧૨૦ થયો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૩૦૨ ઘટી રૂ.૧૨૪૧૨૩ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૧૯૦૩.૬૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી સપ્ટેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૮૧૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૯૯૯ અને નીચામાં રૂ.૩૬૪૭ના સ્તરને સ્પર્શી, રૂ.૩૬૦ ઘટી રૂ.૩૬૪૭ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૭૧૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૮૨૫ અને નીચામાં રૂ.૫૭૦૯ના મથાળે અથડાઈ, રૂ.૫૭૦૩ના આગલા બંધ સામે રૂ.૧૦૩ વધી રૂ.૫૮૦૬ થયો હતો. ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૧૦૫ વધી રૂ.૫૮૦૮ થયો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૫ ઘટી રૂ.૨૫૯.૮ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૧.૪ ઘટી રૂ.૨૫૯.૯ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૫૪.૫ના ભાવે ખૂલી, રૂ.૧.૬ વધી રૂ.૯૬૭.૯ થયો હતો. એલચી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૪૧૫ના ભાવે ખૂલી, રૂ.૧૨ વધી રૂ.૨૪૬૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૦૪૨૬ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૯૪૭૮ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૮૧૩૮ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૯૦૬૦૧ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૬૨૩૫ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૨૧૫૨ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૮૯૧૫ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૪૮૯૭૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૧૨૯ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૪૭૬૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૪૮૧૪ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૪૬૮૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૪૭૫૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૪૪૯૨ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૨ પોઈન્ટ વધી ૨૪૬૧૧ પોઈન્ટના સ્તરે હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૯.૬ વધી રૂ.૧૫૬.૯ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૫ પૈસા ઘટી રૂ.૧૩.૯ થયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૧૦૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮ વધી રૂ.૧૫૨૯.૫ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૭૮.૫ ઘટી રૂ.૨૮૭૭.૫ના ભાવે બોલાયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૪૦ પૈસા ઘટી રૂ.૧૦.૧૭ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬૧ પૈસા વધી રૂ.૩.૮૨ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૬૨.૫ વધી રૂ.૨૧૨.૩૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર રૂ.૨૬૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૦ પૈસા ઘટી રૂ.૧૧.૬૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૧૦૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨.૫ વધી રૂ.૧૫૦૦.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૭૦ ઘટી રૂ.૨૮૩૬ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૨.૬ ઘટી રૂ.૧૦૬.૪ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૦ પૈસા વધી રૂ.૧૩.૯૫ના ભાવે બોલાયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૧૦૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪ ઘટી રૂ.૫૨૦ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૧.૫ વધી રૂ.૧૪૫૬.૫ થયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૩૮ પૈસા વધી રૂ.૧૨.૯૪ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૯૮ પૈસા ઘટી રૂ.૨.૦૭ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૮.૧ ઘટી રૂ.૭૪.૦૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૦ પૈસા વધી રૂ.૧૪ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૧૦૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭ ઘટી રૂ.૧૨૨૦ થયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૫ વધી રૂ.૧૫૩૬ થયો હતો.

---

સ્વાગત કાર્યક્રમના માધ્યમથી મહુવાના ભરતભાઈનો જમીન માલિકીનો વર્ષો જૂનો પ્રશ્ન ઉકેલાઈ ગયો

# SWAGAT ઓનલાઈન કાર્યક્રમઃ જનતા અને શાસન વચ્ચેના સેતુને વધુ મજબૂત બનાવતી ગુજરાત સરકાર

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં છેલ્લા ૪ વર્ષમાં સ્વાગતના માધ્યમથી ૨,૩૯,૯૩૪ ફરિયાદોનું સફળતાપૂર્વક નિવારણ

ગુજરાત સરકાર છેલ્લા બે દાયકામાં જનતા અને શાસન વચ્ચેના સેતુને વધુ મજબૂત બનાવતી વિવિધ પહેલોને અમલી બનાવવામાં મોખરે રહી છે. સુશાસનને પ્રોત્સાહિત કરનારી આવી જ એક પહેલ છે- **SWAGAT** એટલે કે સ્ટેટ વાઈડ અટેન્શન ઓન ગ્રીવાન્સીસ બાય ઍપ્લિકેશન ઑફ ટેક્નોલૉજી. વર્ષ ૨૦૦૩માં જ્યારે વિશ્વ ડિજિટલ ક્રાંતિ માટે તૈયાર થઈ રહ્યું હતું, ત્યારે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને સામાન્ય જનતા અને વહીવટીતંત્ર વચ્ચેના અંતરને દૂર કરવા માટે ટેક્નોલૉજીમાં રહેલી ક્ષમતાનો અહેસાસ થયો અને તેમણે સ્વાગત કાર્યક્રમની શરૂઆત કરી. આ કાર્યક્રમ હેઠળ રાજ્યના સામાન્ય નાગરિકો પોતાની ફરિયાદોની રજૂઆત સીધી જ મુખ્યમંત્રી સમક્ષ કરી શકે છે.

નોંધનીય છે કે, સ્વાગત કાર્યક્રમ શરૂ થયો ત્યારથી અત્યારસુધીમાં રાજ્ય, જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ નાગરિકો દ્વારા કુલ ૧૫,૮૪,૫૩૫ ફરિયાદો પ્રાપ્ત થઈ છે, જેમાંથી ૧૫,૭૯,૦૦૨ ફરિયાદોનું સફળતાપૂર્વક નિરાકરણ લાવવામાં આવ્યું છે.

**SWAGAT:** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં છેલ્લા ૪ વર્ષમાં ૨,૩૯,૯૩૪ પ્રશ્નોનું સફળતાપૂર્વક નિરાકરણ

વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ગુજરાતના પ્રવર્તમાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે સ્વાગત કાર્યક્રમની બાગડોર સફળતાપૂર્વક સંભાળી રહ્યા છે. તેમના મક્કમ નેતૃત્વ હેઠળ સ્વાગત કાર્યક્રમ મારફતે રાજ્યના નાગરિકોની ફરિયાદોનું નિવારણ કરવામાં આવી રહ્યું છે. દર મહિનાના ચોથા ગુરૂવારે આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવે છે, જેમાં મુખ્યમંત્રીશ્રી પોતે જનતાની ફરિયાદો સાંભળે છે અને તેની સમીક્ષા કરીને તેનું નિરાકરણ લાવે છે. નોંધનીય છે કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં છેલ્લા ૪ વર્ષમાં કુલ ૨,૩૯,૯૩૪ ફરિયાદોનું નિવારણ કરવામાં આવ્યું છે.

ભાવનગર જિલ્લાના મહુવામાં રહેતા ભરતભાઈ કાબાભાઈ ખોડીફાડને પોતાના જ પ્લોટની માલિકી સત્તાવાર રીતે મળી ન હતી. મહુવા નગરપાલિકાએ ગરીબ લોકોને પ્લોટ ફાળવવા માટે ભરતભાઈના દાદાની ૯ એકરની જમીન સંપાદન કરેલી હતી. આ જમીન પૈકી તેમને મળવાપાત્ર રહેણાંકની જમીનનો કબજો નગરપાલિકાએ સુપરત કર્યો ન હતો. આ જમીન તેમને રહેણાંક હેતુ માટે ફાળવવાનો ઠરાવ વર્ષ ૧૯૬૭માં નગરપાલિકાએ કર્યો હતો. જોકે, તેમના વડવાઓની અજ્ઞાનતાને લીધે જમીન પરના મકાનનો દસ્તાવેજ કરાવેલ ન હતો. તેમણે જ્યારે દસ્તાવેજ કરાવવા માટે નગરપાલિકા પાસે પરમિશન માગી ત્યારે તેમને ફરીથી વિભાગની મંજૂરી લેવાનું જણાવવામાં આવ્યું હતું. ત્યારબાદ ભરતભાઈએ મકાન પોતાના નામે કરાવવા માટે તાલુકા, જિલ્લા અને છેલ્લે રાજ્ય સ્વાગતમાં રજૂઆત કરી હતી.

ભરતભાઈ કહે છે કે, "મુખ્યમંત્રીશ્રીએ મિત્રભાવે મારી ફરિયાદ સાંભળી અને તેમણે આ મુદ્દે સંબંધિત અધિકારીઓને જમીનનો દસ્તાવેજ કરી આપવા સૂચના આપી હતી. આમ, મુખ્યમંત્રીશ્રીના હસ્તક્ષેપના કારણે મારો વર્ષો જૂનો મુદ્દો ઉકેલાઈ ગયો અને મારા બાળકોના ઉચ્ચ શિક્ષણ માટે જે લોનની જરૂર હતી, એની પ્રક્રિયા અમે કરી શક્યા."

કેવી રીતે કાર્ય કરે છે સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ?

ઉલ્લેખનીય છે કે, સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ હેઠળ રાજ્ય સ્વાગત, જિલ્લા સ્વાગત, તાલુકા સ્વાગત અને ગ્રામ સ્વાગત કાર્યક્રમો આયોજિત કરવામાં આવે છે. રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં માનનીય મુખ્યમંત્રી પોતે જનતાની ફરિયાદો સાંભળે છે. જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં નાગરિકોની ફરિયાદો જિલ્લા કલેક્ટર સમક્ષ રજૂ કરવામાં આવે છે. તાલુકા સ્વાગત કાર્યક્રમમાં પ્રાંત અધિકારી અને તેને સમકક્ષ વર્ગ-૧ના ઑફિસર સમક્ષ નાગરિકો પોતાની ફરિયાદો રજૂ કરે છે. ગ્રામ સ્વાગત કાર્યક્રમમાં નાગરિકોએ દરેક મહિનાની ૧થી ૧૦ તારીખ દરમિયાન પોતાની અરજી તલાટી / મંત્રીને આપવાની રહે છે. આ અરજીઓને ત્યારબાદ તાલુકા સ્વાગતમાં સમાવિષ્ટ કરવામાં આવે છે અને પછી તેમનો નિકાલ કરવામાં આવે છે.

આ ઉપરાંત, રાજ્યના નાગરિકો પોતાની ફરિયાદો રૂબરૂ અથવા ટપાલ કે પોસ્ટ દ્વારા પણ માન. મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયને મોકલાવે છે. આ અરજીઓ સંબંધિત વિભાગના અધિકારીઓ અને સંબંધિત જિલ્લાને મોકલીને લોકોના પ્રશ્નો સંદર્ભે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે છે. આ સાથે જ, વર્ષ ૨૦૨૧માં મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા **WTC (Write to CMO-** સીએમઓને લખો) ઓનલાઈન ગ્રીવાન્સ પોર્ટલ પણ શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં આ પોર્ટલ મારફતે નાગરિકો પોતાની ફરિયાદો સીધી મુખ્યમંત્રીના કાર્યાલયને મોકલાવી શકે છે. રાજ્યના નાગરિકોની સમસ્યાઓને દૂર કરીને તેમને ઈઝ ઑફ લિવિંગ આપવા માટે ગુજરાત સરકાર હંમેશાં પ્રતિબદ્ધ છે.

---

# પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાનો ૨૧મો હપ્તો મેળવવા ખેડૂત આઈડી (ફાર્મર રજીસ્ટ્રી) ફરજિયાત

## બાકી રહેલા ખેડૂતોએ યોજનાનો લાભ મેળવવા સત્વરે ફાર્મર રજીસ્ટ્રીમાં નોંધણી કરાવવા ખેતી નિયામક કચેરીનો અનુરોધ

પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાના આગામી એટલે કે, ૨૧માં હપ્તાનો લાભ મેળવવા માટે ભારત સરકાર દ્વારા ખેડૂત આઈડી (ફાર્મર રજીસ્ટ્રી)ની નોંધણી ફરજિયાત કરવામાં આવી છે. રાજ્યના જે ખેડૂતોએ હજુ સુધી ફાર્મર રજીસ્ટ્રીમાં નોંધણી કરાવવાની બાકી હોય તેવા ખેડૂતોએ સત્વરે ખેડૂત આઈડીની નોંધણી કરાવવા ખેતી નિયામકની કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. રાજ્યમાં બાકી રહી ગયેલા ખેડૂતો સત્વરે ફાર્મર રજીસ્ટ્રીમાં નોંધણી કરાવી શકે તે માટે અત્યારે ગ્રામ્ય કક્ષાએ ઝુંબેશ સ્વરુપે નોંધણી કરવામાં આવી રહી છે. ખેડૂત લાભાર્થીઓએ સત્વરે નોંધણી કરાવવા માટે ગામના તલાટી કમ મંત્રીશ્રી અથવા ગ્રામસેવકશ્રીનો સંપર્ક કરવાનો રહેશે. આ ઉપરાંત ખેડૂતો જાતે ઘરેથી મોબાઈલ એપ્લિકેશનના માધ્યમથી પણ નોંધણી કરી શકે છે. એટલું જ નહીં, કોમન સર્વિસ સેન્ટર (CSC) અથવા ગ્રામ પંચાયતમાં કોમ્પ્યુટર ઓપરેટર મારફતે પણ ખેડૂત નોંધણી કરાવી શકાશે. - નિતિન રથવી

---

# પોરબંદર-સિકંદરાબાદ સુપરફાસ્ટ સાપ્તાહિક ટ્રેન ૨૮ ઑક્ટોબરથી પોતાના પૂર્વ નિર્ધારિત ટર્મિનલ સ્ટેશન સિકંદરાબાદ સુધી જશે

દક્ષિણ મધ્ય રેલવેના સિકંદરાબાદ સ્ટેશન પર ચાલી રહેલા સ્ટેશન પુનર્વિકાસ કાર્યને કારણે પોરબંદર-સિકંદરાબાદ-પોરબંદર સુપરફાસ્ટ સાપ્તાહિક ટ્રેન (૨૦૯૬૮/૨૦૯૬૭) ના ટર્મિનલ સ્ટેશનને રેલવે પ્રશાસન દ્વારા અસ્થાયી રૂપે બદલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

હવે આ ટ્રેનને પૂર્વ નિર્ધારિત ટર્મિનલ સ્ટેશન મુજબ ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી અનુસાર વિગતવાર માહિતી આ મુજબ છેઃ

૧. દર મંગળવારે પોરબંદરથી ચાલતી ટ્રેન નંબર ૨૦૯૬૮ પોરબંદર-સિકંદરાબાદ સુપરફાસ્ટ સાપ્તાહિક ટ્રેન ૨૮.૧૦.૨૦૨૫ થી પોરબંદર સ્ટેશનથી રાત્રે ૦૧.૧૫ કલાકે પ્રસ્થાન કરશે અને સિકંદરાબાદ સ્ટેશન પર બીજા દિવસે સવારે ૦૮.૦૦ કલાકે પહોંચશે.

૨. વાપસીમાં, દર બુધવારે સિકંદરાબાદથી ચાલતી ટ્રેન નંબર ૨૦૯૬૭ સિકંદરાબાદ-પોરબંદર સુપરફાસ્ટ સાપ્તાહિક ટ્રેન ૨૯.૧૦.૨૦૨૫ થી સિકંદરાબાદ સ્ટેશનથી પ્રસ્થાન કરશે. આ ટ્રેન સિકંદરાબાદ સ્ટેશનથી બપોરે ૧૫.૧૦ કલાકે પ્રસ્થાન કરીને બીજા દિવસે રાત્રે ૨૧.૫૦ કલાકે પોરબંદર સ્ટેશન પહોંચશે.

મુસાફરોની સુવિધા માટે આ ટ્રેનના ઠેરાવો, સંરચના તથા સમય પત્રક અંગેની વિગતવાર માહિતી વેબસાઈટ **www. enquiry. indianrail. gov.in** પર ઉપલબ્ધ છે.

---

# પશ્ચિમ રેલવે ચલાવશે વટવા-રક્સૌલ વચ્ચે સાપ્તાહિક વિશેષ ટ્રેન

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને, વટવા અને રક્સૌલ વચ્ચે વિશેષ ભાડા પર સાપ્તાહિક વિશેષ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. આ વિશેષ ટ્રેનની વિગતો નીચે મુજબ છેઃ

● ટ્રેન નં. ૦૫૫૬૨/૦૫૫૬૧ વટવા-રક્સૌલ સાપ્તાહિક વિશેષ ચ૩૨ ટ્રિપ્સ]

ટ્રેન નં. ૦૫૫૬૨ વટવા-રક્સૌલ સ્પેશિયલ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી દર બુધવારે વટવાથી ૨૩.૩૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને ત્રીજા દિવસે ૧૬.૦૦ વાગ્યે રક્સૌલ પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૫૫૬૧ રક્સૌલ-વટવા સ્પેશિયલ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ૩૦ ડિસેમ્બર ૨૦૨૫ સુધી દર મંગળવારે રક્સૌલથી ૧૧.૨૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૨૦.૦૦ વાગ્યે વટવા પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં આણંદ, છાયાપુરી, ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, ઉજ્જૈન, મક્સી, સંત હિરદારામ નગર, બીના, સાગર, દમોહ, કટની મૂંડવારા, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિવકી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય, બક્સર, આરા, પાટલીપુત્ર, હાજીપુર, મુજફ્ફરપુર અને સીતામઢી સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં એસી ૩ ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

ટ્રેન નંબર ૦૫૫૬૨ નું બુકિંગ ૦૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી બધાઁ ઈજી કાઉન્ટરો અનેઁ ઈઝ્રઝ વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ સમય અને કોચ સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને **www. enquiry.indianrail.gov.in** પર અવલોકન કરે

---

રાષ્ટ્રીય શિક્ષક દિવસ -૨૦૨૫ (શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ - ૦૧)

# વિદ્યાર્થીઓમાં વ્યક્તિગત કૌશલ્ય વિકાસ અને શિક્ષણની આવનારા સમયમાં તાતી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને અનિયમિત વિદ્યાર્થીઓને શાળા તરફ આકર્ષિત કરવા સતત પ્રયત્ન કરું છુંઃ પ્રાથમિક શિક્ષક શ્રી મીનેશભાઈ વાળંદ

## શ્રી મીનેશભાઈ વાળંદ દ્વારા ભણાવાયેલી વિદ્યાર્થીનીઓ સરકારી તેમજ ખાનગી ક્ષેત્રમાં વ્યવસાય મેળવી આત્મનિર્ભર બની




શિક્ષક ક્યારે પણ સાધારણ હોતો નથી.. આ વાત આચાર્ય શ્રી ચાણક્યએ કહી હતી. અમદાવાદ જિલ્લાની વાલીન્ડા પ્રાથમિક શાળાના પ્રાથમિક શિક્ષક શ્રી મીનેશભાઈ વાળંદે આ વાતને ખરા અર્થમાં સાર્થક કરી બતાવી છે. આ અસાધારણ શિક્ષકે ધોરણ ૮ પાસ કરેલી ૫૦થી વધુ દીકરીઓને આદર્શ નિવાસી શાળા-સેક્ટર ૧૩, ગાંધીનગર ખાતે પ્રવેશ અપાવ્યો હતો. આ દીકરીઓના અભ્યાસ પૂર્ણ થાય ત્યાં સુધીની સંપૂર્ણ જવાબદારી પણ તેમણે ઉપાડી હતી. જેના પરિણામ સ્વરૂપે આજે આમાંથી મોટાભાગની વિદ્યાર્થીઓ સ્નાતક, અનુસ્નાતક અને બી.એડ જેવા અભ્યાસક્રમો પૂર્ણ કરીને સરકારી તેમજ ખાનગી ક્ષેત્રમાં વ્યવસાય મેળવી આત્મનિર્ભર બની છે. દેશના ભવિષ્યને ઉજળું બનાવતા આ શિક્ષક શ્રી મીનેશભાઈ વાળંદ સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, ૧૯ વર્ષ પહેલા જ્યારે તેઓ ધોલેરાની વાલીન્ડા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે જોડાયા, ત્યારે ધોલેરા તાલુકામાં દીકરીઓનો શાળાએ ભણવા જવાનો દર ખૂબ ઓછો હતો. આ બાબત ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતામાં શિક્ષણના મહત્વ અંગે જાગૃતિ વધે તે માટે "પેટર્ન ઓફ વાલીન્ડા" નામથી એક અભિયાન શરૂ કર્યું હતું. આ અભિયાન અંતર્ગત અનિયમિત વિદ્યાર્થીઓને શાળા તરફ આકર્ષિત કરવા નવીન પદ્ધતિ અપનાવવામાં આવી હતી. જેમાં મહિનાનું કેલેન્ડર તૈયાર કરીને વધુ ગેરહાજર રહેતા વિદ્યાર્થીઓના ઘરે જઈને 'મોહલ્લા પ્રાર્થના' કરવાનો અનુક્રમ શરુ કર્યો હતો, જેથી આસ-પાસના રહેવાસીઓમાં પણ શિક્ષણના મૂલ્યો અંગે જાગૃતિ આવે.

આ ઉપરાંત બાળકોને કલા સંસ્કૃતિ સાથે જોડવા માટે "શાળામાં કવિ કહે છે" નામથી એક વિશેષ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતના કવિઓની કાવ્યરચના સંગીતના રૂપમાં ગાઈને બાળકોને ભણાવવામાં આવે છે. વધુમાં, શિક્ષકો અને બાળકો સાથે મળીને ટિફિન ડે અને ફિલ્મ નિદર્શન-ડેની ઉજવણી કરે છે. જેથી બાળકોને શાળામાં હળવું અને રસપ્રદ વાતાવરણ મળતા તેઓ નિયમિત ભણવા આવે. "પેટર્ન ઓફ વાલીન્ડા" અભિયાનની ખાસ વાત એ છે કે, જે વાલી પોતાના બાળકને નિયમિત શાળાએ મોકલે ત્યારે તે બાળક અને વાલીનું સન્માન કરવામાં આવે છે. આવા અનેક પ્રયાસો અને રાજ્ય સરકારના સહકારથી આજે ધોલેરા તાલુકાના બાળકોમાં ભણવાની જિજીવિષા જાગી છે.

વધુમાં શ્રી મીનેશભાઈએ કહ્યું હતુ કે, રમત ગમત ક્ષેત્રે પણ વાલીન્ડા પ્રાથમિક શાળાના બાળકો પાછળ ન રહે તે માટે શાળાના બાળકોને કઈ રમતમાં રસ છે, તે જાણી રાજ્ય સરકારના ખેલ મહાકુંભમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને ભાગ લેવડાવવામાં આવે છે. જેની ફલશ્રુતિરૂપે શાળાની જ એક દીકરી - બંસી કિરીટભાઈ મેરે ખેલ મહાકુંભમાં રાજ્ય કક્ષાએ કુસ્તીમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. આ દીકરી હાલ સરકારી સ્પોર્ટ્સ સ્કૂલમાં બેડમિન્ટન અને કુસ્તીનો અભ્યાસ કરી રહી છે. તાજેતરમાં મુંબઈમાં યોજાયેલ એશિયન ગેમ્સ -૨૦૨૫માં ટેકવોન્ડો રમતમાં પણ આ દીકરીએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરીને પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

આ ઉપરાંત શ્રી મીનેશભાઈ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી સૃષ્ટિ એન.જી.ઓ. અને ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ-IIM સાથે મળીને ઉનાળા વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓ માટે ચિલ્ડ્રન ક્રિએટિવિટી વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓને ઈનોવેશન અને વૈચારિક કૌશલ્ય વિકસાવવાની તક મળે છે. આમાંથી એક વિદ્યાર્થીને રાષ્ટ્રપતિના હસ્તે સન્માનિત પણ કરવામાં આવ્યો છે.

દર વર્ષે ૫ સપ્ટેમ્બરને 'રાષ્ટ્રીય શિક્ષક દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. ચાલુ વર્ષે યોજાનારા શિક્ષક દિવસ કાર્યક્રમમાં અમદાવાદના પ્રતિભાશાળી શિક્ષક શ્રી મીનેશભાઈ વાળંદને શિક્ષણ ક્ષેત્રે રાજ્યમાં ઉત્તમ કામગીરી કરવા બદલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે 'શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર' દ્વારા સન્માનિત કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી મીનેશભાઈએ શિક્ષણ ક્ષેત્રે સારી કામગીરી કરવા બદલ વર્ષ – ૨૦૧૧માં વાંચે ગુજરાત અંતર્ગત ગુજરાત ગૌરવ એવોર્ડ, વર્ષ - ૨૦૧૩માં ભારત રત્ન સરદાર પટેલ સાહિત્યિક એવોર્ડ, વર્ષ - ૨૦૧૬માં માતૃભાષા અભિયાન દ્વારા રાજ્યના શ્રેષ્ઠ ભાષા શિક્ષક એવોર્ડ, વર્ષ -૨૦૧૯માં રાજ્યના મુખ્યમંત્રીશ્રી દ્વારા શ્રેષ્ઠ આચાર્ય સન્માન, વર્ષ -૨૦૨૦માં અચલા ફાઉન્ડેશન દ્વારા શ્રેષ્ઠ શિક્ષક સન્માન તેમજ વર્ષ -૨૦૨૧માં અમદાવાદ જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક સન્માન દ્વારા પુરુસ્કૃત કરવામાં આવ્યા હતા. - પ્રિન્સ ચાવલા

---

# ત્રિશુળિયાઘાટ પાસે સર્જાયો અકસ્માત, રિક્ષાએ પલટી મારતા ૪ લોકો ઘાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા,

બનાસકાંઠાના અંબાજીમાં હાલમાં ભાદરવી પૂનમના મેળાને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. લાખોની સંખ્યામાં લોકો માં અંબાના દર્શન કરવા માટે પગપાળા અને વ્હીકલોમાં આવી રહ્યા છે. ત્યારે અંબાજીની પાસે આવેલા ત્રિશુળિયાઘાટમાં અકસ્માતની ઘટના બની છે. આ અકસ્માતમાં ૪ લોકોને ઈજા પહોંચી છે. અંબાજીના ત્રિશુળિયાઘાટમાં રિક્ષા પલટી ખાઈ ગઈ છે અને જેના કારણે ૪ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ત્રિશુળિયાઘાટમાં ગમખ્વાર અકસ્માત સર્જાતા તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સીની ટીમને જાણ કરવામાં આવતા થોડી જ મિનિટોમાં ૧૦૮ ઘટનાસ્થળે પહોંચી અને ઘાયલ થયેલા લોકોની સારવાર કરવામાં આવી. જો સમગ્ર ઘટનાની વાત કરીએ તો રિક્ષા ચાલકે સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવતા આ અકસ્માત સર્જાયો છે. જેમાં ૨ મહિલા અને ૨ પુરુષ ઈજાગ્રસ્ત થયા છે. હાલમાં ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.


## પશ્ચિમ રેલ્વે-વડોદરા વિભાગ

ઈ-ટેન્ડર સૂચના નં. CPM-GSENGG-BRC-2025-26-01

પુલ પર રોડ (ROB) નું બાંધકામ

ચીફ પ્રોજેક્ટ મેનેજર (ગતિ શક્તિ), પશ્ચિમ રેલ્વે, પ્રતાપનગર, વડોદરા-390004 દ્વારા નીચેના કામો માટે ભારતના રાષ્ટ્રપતિ વતી સીલબંધ ટેન્ડર મંગાવવામાં આવે છે.

ઈ-ટેન્ડર નં.:CPM-GS-ENGG-BRC-2025-2026-01

કામનું નામ: વડોદરા - ગેરતપુર વિભાગ: વડોદરા-ગેરતપુર વિભાગ પર કિમી 471/16-18 પર લેવલ X-ing નંબર 294 ના બદલે રોડ ઓવર બ્રિજ (ROB) નું બાંધકામ.

કામનો અંદાજિત ખર્ચ : રૂ. 52,14,13,549.03 (રૂપિયા બાવન કરોડ, ચૌદ લાખ, તેર હજાર પાંચસો ઓગણપચાસ અને ત્રણ પૈસા માત્ર)

EMD : 27,57,100/- (રૂપિયા સત્યાવીસ લાખ, સત્તાવન હજાર, એકસો માત્ર)

બિડીંગ માટે ઓનલાઈન ટેન્ડરની ઉપલબ્ધતા: તા. 16.09.2025 ના 11.00 કલાક થી તા. 30.09.2025 ના 15.00 કલાક સુધી.
ટેકનિકલ બિડ ખોલવાની તારીખ અને સમય: તા. 30.09.2025 ના 15.30 કલાક સુધી.

ટેન્ડર દસ્તાવેજની કિંમત (રિફંડપાત્ર નહીં), EMD, પાત્રતા માપદંડ, કામની સમાન પ્રકૃતિ, વિગતવાર ટેન્ડર શરતો ધરાવતી વિગતવાર સૂચના અંગે, કૃપા કરીને www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ ઓફરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

BRC159

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

નાગરિકોના હિતમાં રાજ્ય સરકારનો વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય

# નાગરિકોને ઓછા દરે વીજળી પૂરી પાડવા જુલાઈ-૨૦૨૫થી ફ્યુઅલ સરચાર્જના દરમાં પ્રતિ યુનિટ ૧૫ પૈસાનો ઘટાડો કરાયોઃ ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ

## નાગરિકોએ તા.૦૧.૦૭.૨૦૨૫થી કરેલા વીજ વપરાશ ઉપર ફ્યુઅલ સરચાર્જ હવે પ્રતિ યુનિટ રૂ.૨.૩૦ના ઘટાડેલા દરે વસૂલવામાં આવશે

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ એક મહત્વપૂર્ણ જાહેરાત કરતા જણાવ્યું હતું કે, ગુજરાતના નાગરિકોને ઓછા દરે વીજળી પૂરી પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા જુલાઈ-૨૦૨૫થી ફ્યુઅલ સરચાર્જના દરમાં પ્રતિ યુનિટે ૧૫ પૈસા ઘટાડવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયથી તા. ૦૧.૦૭.૨૦૨૫થી કરેલા વીજ વપરાશ ઉપર તમામ શ્રેણીના વીજ ગ્રાહકો પાસેથી ફ્યુઅલ સરચાર્જ હવે પ્રતિ યુનિટ રૂ. ૨.૩૦ના ઘટાડેલા દરે વસૂલાત કરવામાં આવશે. વીજ નિયમન આયોગ (GERC) દ્વારા કોઈ ફેરફાર ન થાય ત્યાં સુધી આ દર યથાવત રહેશે. ફ્યુઅલ સરચાર્જમાં ઘટાડાના પરિણામે રાજ્યના અંદાજે ૧.૭૫ કરોડ ગ્રાહકોને જુલાઈથી સપ્ટેમ્બર-૨૦૨૫ દરમિયાન વીજ વપરાશ ઉપર આશરે રૂ. ૪૦૦ કરોડથી વધુનો લાભ થશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

વધુ વિગતો આપતાં ઊર્જા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગ્રાહકોને સસ્તી વીજળી ઉપલબ્ધ કરાવવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાને અનુરૂપ તાજેતરના વર્ષોમાં ફ્યુઅલ અને પાવર પરચેઝ પ્રાઈસ એડજસ્ટમેન્ટ (FPPPA)માં નોંધપાત્ર ઘટાડો લાગુ કરવામાં આવ્યો છે, જે વીજ ખરીદ ખર્ચના અસરકારક સંચાલન અને ગ્રાહકો પરનો બોજ હળવો કરવા માટે રાજ્ય સરકારનું સક્રિય અભિગમ દર્શાવે છે.



જાન્યુઆરી ૨૦૨૪થી અમલમાં આવતા ફ્યુઅલ સરચાર્જના દરને પ્રતિ યુનિટ ૫૦ પૈસા ઘટાડીને રૂ. ૩.૩૫ થી રૂ. ૨.૮૫ કરવામાં આવ્યો હતો. આ રાહતને વધુ વિસ્તૃત કરતા ઓક્ટોબર-૨૦૨૪થી ફ્યુઅલ સરચાર્જના દરને વધુ ૪૦ પૈસા ઘટાડીને રૂ. ૨.૪૫ પ્રતિ યુનિટ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં એટલે કે એપ્રિલથી જૂન-૨૦૨૫ દરમિયાન ફ્યુઅલ સરચાર્જના દરને રૂ. ૨.૪૫ પ્રતિ યુનિટ જાળવી રાખવામાં આવ્યો હતો.

તેમણે ઉમેર્યું હતું કે, યોગ્ય અને કાર્યક્ષમ વીજ ખરીદના સંચાલન, સ્થિર વીજ ખરીદના દર તથા મજબૂત નાણાકીય વ્યવસ્થાપન તેમજ નોંધપાત્ર માળખાકીય કામગીરીમાં સુધારા અને દેખરેખ દ્વારા ટેકનિકલ અને વાણિજ્યિક લોસમાં ઘટાડાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા પ્રવર્તમાન ફ્યુઅલ સરચાર્જના દરમાં પ્રતિ યુનિટે ૧૫ પૈસા ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે.

- નિતિન રથવી



રાહત નિયામકશ્રીના અધ્યક્ષ સ્થાને SEOC-ગાંધીનગર ખાતે વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ.

માતા-પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો

# રાજકોટમાં ૪ વર્ષના બાળકનું પાણીના ટાંકામાં પડવાથી મોત

## આસપાસમાં તપાસ બાદ પણ બાળક ન મળતા પરિવારજનોને ખુલ્લાં ભૂગર્ભ ટાંકા પર નજર પડી હતી ત્યાર બાદ ટાંકીમાં તપાસ કરતા બાળક મળી આવ્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટમાંથી માતા-પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. જેમાં એક ૪ વર્ષના બાળકનું રમતા-રમતા ભૂગર્ભ ટાંકીમાં પડી જવાથી મોત નિપજ્યું છે. સમગ્ર ઘટનાથી પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. મળતી માહિતી મુજબ, રાજકોટના નાણાવટી ચોક યોજના રહેતા રાહુલ અઘારાનો ૪ વર્ષનો દીકરો વહેલી સવારે ૧૦ વાગ્યાની આસપાસ ઘર પાસે રમી રહ્યો હતો. ત્યારે અચાનક રમતા-રમતા ખુલ્લા ભૂગર્ભ ટાંકામાં પડી ગયો હતો. જોકે, ઘણાં સમય સુધી બાળક ન દેખાતા પરિવારે તેની શોધખોળ શરૂ કરી હતી. આસપાસમાં તપાસ બાદ પણ બાળક ન મળતા પરિવારજનોને ખુલ્લાં ભૂગર્ભ ટાંકા પર નજર પડી હતી. ત્યાર બાદ ટાંકીમાં તપાસ કરતા બાળક મળી આવ્યું હતું.પરિવારે બાદમાં તાત્કાલિક ધોરણે બાળકને ટાંકામાંથી બહાર કાઢ્યું અને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેજડવામાં આવ્યું. જોકે, બાળક હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ તેનું મોત નિપજ્યું હતું. સમગ્ર ઘટનાની જાણ થતા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. આ મામલે બાળકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડી પરિજનોની પૂછપરછ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ટ્રોલી બેગના પૈડામાં છુપાવ્યું હતું સોનું

# અમદાવાદ એરપોર્ટ પર સોનાની દાણચોરીનો પર્દાફાશ

## દુબઈથી ફ્લાઈટ FZ ૪૩૭ દ્વારા આવેલા એક પેસેન્જર પાસેથી રૂપિયા૧૬ લાખની કિંમતનું ૨૪ કેરેટ સોનું જપ્ત કરવામાં આવ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ફરી એકવાર કસ્ટમ્સ અધિકારીઓએ સોનાની દાણચોરીનો પર્દાફાશ કર્યો છે. દુબઈથી ફ્લાઈટ FZ ૪૩૭ દ્વારા આવેલા એક પેસેન્જર પાસેથી રૂપિયા૧૬ લાખની કિંમતનું ૨૪ કેરેટ સોનું જપ્ત કરવામાં આવ્યું છે, જેને તેણે પોતાની ટ્રોલી બેગના વ્હીલના પોલા ભાગમાં છુપાવ્યું હતું.કસ્ટમ્સ અધિકારીઓને પેસેન્જરની હિલચાલ પર શંકા જતા તેને અટકાવવામાં આવ્યો હતો. તેની બેગની તપાસ કરતા, અધિકારીઓને વ્હીલની રચનામાં કંઈક અસામાન્યતા જોવા મળી હતી. વધુ ઊંડાણપૂર્વક તપાસ કરતાં વ્હીલની અંદર સિલિન્ડર આકારના નક્કર સોનાના ટુકડા છુપાવેલા મળી આવ્યા હતા.

કસ્ટમ્સ અધિકારીઓના જણાવ્યા મુજબ, દાણચોરો સ્કેનર અને વિઝ્યુઅલ તપાસથી બચવા માટે સતત નવી અને અનોખી પદ્ધતિઓ અપનાવી રહ્યા છે. આ પહેલા પણ સોનું બેગના હેન્ડલમાં કપડાની લાઈનિંગમાં અને ઈલેક્ટ્રોનિક વસ્તુઓમાં છુપાવેલું મળી આવ્યું છે. જપ્ત કરાયેલા સોનાની કિંમત ઘરેલુ બજારમાં આશરે રૂપિયા૧૬ લાખ છે, અને તેને કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની જોગવાઈઓ હેઠળ જપ્ત કરવામાં આવ્યું છે. પેસેન્જરની અટકાયત કરવામાં આવી છે અને આ દાણચોરી પાછળ કોઈ મોટી સિન્ડિકેટ છે કે કેમ તે અંગે વધુ તપાસ ચાલી રહી છે.

પોલીસે આરોપીને ઝડપી કાર્યવાહી હાથ ધરી

# નારોલ વિસ્તારમાં એક પ્રેમ પ્રકરણનો કરુણ અંત આવ્યો

## એક યુવતી પર તેના પૂર્વ પ્રેમી દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના નારોલ વિસ્તારમાં એક પ્રેમ પ્રકરણનો કરુણ અંત આવ્યો, જ્યારે એક યુવતી પર તેના પૂર્વ પ્રેમી દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું. મળતી માહિતી મુજબ, આરોપી અરબાઝ ખાન મધ્યપ્રદેશના ભીંડ જિલ્લાનો રહેવાસી છે. તે અને ભોગ બનનાર યુવતી ભૂતકાળમાં પ્રેમ સંબંધમાં હતા, પરંતુ એક મહિના પહેલા યુવતીની સગાઈ અન્ય કોઈ સાથે થઈ જતાં, પ્રેમી અરબાઝ ખાન આવેશમાં આવી ગયો અને તેણે આ કૃત્ય આચર્યું. આ હુમલામાં યુવતી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે અને તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. આ ઘટનાએ ફરી એકવાર પ્રેમ સંબંધોમાં બદલાની ભાવનાથી થતા ગુનાઓ પર પ્રકાશ પાડ્યો છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી અરબાઝ ખાને આ હુમલો પૂર્વ આયોજિત રીતે કર્યો હતો. તેણે માત્ર ૧૨ દિવસ પહેલા જ મધ્યપ્રદેશના ભીંડમાંથી રૂપિયા ૨૮,૦૦૦ માં હથિયાર ખરીદ્યું હતું. આ હથિયારનો ઉપયોગ તેણે પોતાની પૂર્વ પ્રેમિકા પર હુમલો કરવા માટે કર્યો, જે તેની સાથે સંબંધ તોડીને સગાઈ કરી રહી હતી. આ ઘટના પરથી સ્પષ્ટ થાય છે કે ગુનાખોરીના ઈરાદા સાથે હથિયારો સરળતાથી ઉપલબ્ધ છે, જે સમાજ માટે એક ગંભીર ચિંતાનો વિષય છે. પોલીસે આરોપી અરબાઝ ખાનની ધરપકડ કરી લીધી છે અને તેની સામે હત્યાના પ્રયાસ અને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

નારોલ પોલીસે આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક કાર્યવાહી કરી અને ગણતરીના કલાકોમાં જ આરોપી અરબાઝ ખાનને ઝડપી પાડ્યો.

આરોપી મધ્યપ્રદેશથી ખાસ કરીને આ ગુનો કરવા માટે અમદાવાદ આવ્યો હતો. પોલીસની ઝડપી કાર્યવાહીને કારણે વધુ અનિચ્છનીય ઘટનાઓ થતી અટકી શકી છે. આ કિસ્સામાં પોલીસે હત્યાના પ્રયાસ અને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો છે, જે દર્શાવે છે કે કાયદો વ્યવસ્થા જાળવવા માટે પોલીસ કડક પગલાં લઈ રહી છે. આ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે કાયદાને હાથમાં લેનારા ગુનેગારોને કડક સજા થવી જોઈએ જેથી આવા કિસ્સાઓનું પુનરાવર્તન ન થાય.

કંપનીઓ સાથે સંકળાયેલા સ્ક્રેપ ડીલરોને ત્યાં દરોડા

# વાપીની પેપર મિલોમાં આઈટીનું સર્ચ ઓપરેશન હાથ ધરાયું

## મુંબઈ, પુણેમાં ૧૦થી ૧૨ જગ્યાએ સર્ચ ઓપરેશન કરવામાં આવ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વાપી

વાપીની પેપર મિલોમા ITનું સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ગજાનંદ પેપર મિલમાં ITનું સર્ચ ઓપરેશન કરાયું છે. શ્રી અજીત પલ્પ એન્ડ પેપર મિલ, એન.આર.અગ્રવાલ પેપર મિલમાં સર્ચ ઓપરેશનમાં સર્ચ કરવામાં આવી રહ્યું છે. વાપી સહિત મુંબઈ અને પુણેમાં પણ ITનું સર્ચ કરવામાં આવી રહ્યું છે. કંપનીઓ સાથે સંકળાયેલાના ત્યાં પણ તપાસ કરવામાં આવી રહી છે. વાપીમાં ૨૫થી વધુ સ્થળોએ IT વિભાગ દ્વારા દરોડા કરવામાં આવ્યા છે. મુંબઈ, પુણેમાં ૧૦થી ૧૨ જગ્યાએ સર્ચ ઓપરેશન કરવામાં આવ્યું છે. વાપીની પેપર મિલોમાં આઈટીનું સર્ચ ઓપરેશન હાથ ધરાયું છે. વાપીમાં ૨૫થી વધુ સ્થળોએ IT વિભાગ દ્વારા દરોડા કરવામાં આવ્યા છે. વાપીની ગજાનંદ પેપર મિલ, શ્રી અજીત પલ્પ એન્ડ પેપર મિલ, એન.આર.અગ્રવાલ પેપર મિલમાં દરોડા પાડ્યા છે. વાપી સહિત મુંબઈ અને પૂણેમાં પણ આઈ.ટી નું સર્ચ કરવામાં આવી રહ્યું છે. કંપનીઓ સાથે સંકળાયેલા સ્ક્રેપ ડીલરોને ત્યાં પણ આઈ.ટી ની ટીમની તપાસ કરવામાં આવી રહી છે.વાપી સહિત મુંબઈ અને પૂણેમાં પણ આઈ.ટી નું સર્ચ કરવામાં આવી રહ્યું છે. વાપીમાં ૨૫ થી વધુ અને મુંબઈ, પૂણે માં ૧૦ થી ૧૨ જેટલી જગ્યાએ સર્ચ હાથ ધરાયું છે. આઈ.ટી ના સુરત અને વાપી વિંગ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરાયું છે.કંપનીઓ સાથે સંકળાયેલા સ્ક્રેપ ડીલરોના ત્યાં પણ આઈ.ટી ની ટીમની તપાસ કરવામાં આવી રહી છે.

તંત્ર દ્વારા નિઃશુલ્ક સુવિધાઓની જાહેરાત

# ST વિભાગે ભાવવધારો ઝીંક્યો, બે કિલોમીટરના ૨૦ રૂપિયા વધાર્યા

## સામાન્ય દિવસોમાં જે બે કિલોમીટરના અંતર માટે રૂપિયા ૧૦ ભાડું લેવાય છે, તેના બદલે મેળા દરમિયાન રૂપિયા ૨૦ વસૂલવામાં આવી રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ભાદરવી પૂનમનો મહાકુંભ શરૂ થઈ ગયો છે અને લાખોની સંખ્યામાં માઈભક્તો અંબાજી દર્શને આવી રહ્યા છે. આ પવિત્ર યાત્રા દરમિયાન, રાજ્ય સરકાર અને સ્થાનિક તંત્ર ભક્તો માટે અનેક સુવિધાઓ વિના મૂલ્યે પૂરી પાડી રહ્યું છે, પરંતુ ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (ST) દ્વારા ગબ્બર જવા માટેના ભાડામાં ઉઘાડો વધારો કરવામાં આવતા ભક્તોમાં ભારે રોષ જોવા મળ્યો છે. સામાન્ય દિવસોમાં જે બે કિલોમીટરના અંતર માટે રૂપિયા ૧૦ ભાડું લેવાય છે, તેના બદલે મેળા દરમિયાન રૂપિયા ૨૦ વસૂલવામાં આવી રહ્યા છે. આ ભાવવધારો સીધો બમણો હોવાથી શ્રદ્ધાળુઓ માટે આ એક મોટો બોજ સાબિત થયો છે.

ગયા વર્ષે પણ ભાદરવી પૂનમના મેળા દરમિયાન ST વિભાગે આ જ રીતે ભાડા વધાર્યા હતા, જેના કારણે ભારે વિવાદ થયો હતો. ભક્તો અને સામાજિક સંગઠનોના વિરોધ બાદ તંત્ર દ્વારા ભાડામાં ઘટાડો કરવાની ફરજ પડી હતી. તેમ છતાં, આ વર્ષે ફરીથી જી વિભાગે કોઈ પણ જાહેરાત કે સ્પષ્ટતા વગર જ ભાડામાં વધારો ઝીંકી દીધો છે. એક તરફ રાજ્ય સરકાર યાત્રાળુઓને તમામ સુવિધાઓ પૂરી પાડવાનો પ્રયાસ કરી રહી છે, ત્યારે બીજી તરફ ST વિભાગનો આ નિર્ણય શ્રદ્ધાળુઓને આર્થિક રીતે પરેશાન કરી રહ્યો છે. આ ઘટના એવા સમયે બની છે જ્યારે તંત્ર દ્વારા યાત્રાળુઓની સુવિધા માટે ભોજન, પાણી અને રહેઠાણ જેવી અનેક સેવાઓ નિઃશુલ્ક આપવામાં આવી રહી છે. આવા પવિત્ર અને શ્રદ્ધાના પર્વ પર ST વિભાગ દ્વારા કરાયેલો આ ભાવવધારો અનેક પ્રશ્નો ઊભા કરે છે. શું આ ધાર્મિક યાત્રા છે કે માત્ર વેપાર? ભક્તો માટે સુવિધા આપવાના દાવાઓ વચ્ચે આ પ્રકારની 'લૂંટ' શ્રદ્ધાને ઠેસ પહોંચાડી રહી છે. તંત્રએ તાત્કાલિક આ બાબતે ધ્યાન આપીને ભાડા ઘટાડવા અને ભક્તોને રાહત આપવી જોઈએ.

ફેસબુકના માધ્યમથી કોન્ટેક કરતા હતા

# ઓઈલના વેપારી સાથે ૨૮ લાખની છેતરપિંડીમાં બે લોકોની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર

ભાવનગરમાં વેપારી સાથે થયેલી છેતરપિંડીમાં મહિલા સહિત ૨ લોકો ઝડપાયા છે. ઓઈલના વેપારી સાથે ૨ લોકોએ રૂ.૨૮ લાખની ઠગાઈ કરી હતી. આ મામલે ફરિયાદ કરવામાં આવી હતી. ગાઝીયાબાદની મહિલા અને એક યુવકને ઝડપી લીધો છે. સોશિયલ મીડિયાના માધ્યમથી વેપારીનો સંપર્ક કર્યો હતો. આરોપીઓ સામે હરિયાણા, બેંગ્લોરમાં પણ ગુનાઓ નોંધાયેલા છે. LCBએ આરોપીઓને ઝડપી વધુ તપાસ હાથ ધરી છે.

.ભાવનગરમાં ઓઈલના વેપારી સાથે થયેલી ૨૮ લાખની છેતરપિંડીમાં મહિલા સહિત ૨ આરોપીઓ ઝડપાયા છે. ભાવનગરની LCBની ટીમે ગાઝીયાબાદની મહિલા અને એક યુવકને ઝડપી લીધા છે. વોરાવાડમાં રહેતા વેપારી સાથે ફેસબુકના માધ્યમથી કોન્ટેક કરી આરોપીઓએ વેપારીને ઓઈલ મોકલવાના વાત કરી હતી. વેપારીને ખોટા ઈ વે બિલ અને ઈન્વોઈસ બિલ મોકલી કંપનીના એકાઉન્ટમાં રૂપિયા ૨૮ લાખ ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા.ગાઝીયાબાદની યુવતી અને યુવકની ધરપકડ કરવામાં આવી છે.

યુવક અને યુવતી ઉપર હરિયાણા સાયબર ક્રાઈમ અને બેંગ્લોરમાં પણ ફરિયાદ નોંધાઈ છે. LCBની ટીમે બંનેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.પોલીસે આરોપીઓએ અન્ય કોઈ સાથે છેતરપિંડી કરી છે કે નહીં તે દિશામાં તપાસ હાથ ધરી છે. આરોપીઓએ વેપારીને ખોટા ઈ વે બિલ અને ઈન્વોઈસ બિલ મોકલી કંપનીના એકાઉન્ટમાં રૂપિયા ૨૮ લાખ ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા.

ટ્રક ડ્રાઈવરને છરી બતાવીને ચલાવી હતી લૂંટ

# ગાંધીધામમાં છરી બતાવીને લૂંટ કરનારા ૨ આરોપીઓને પોલીસે કાયદાનો પાઠ શીખવ્યો

## પોલીસે આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈને સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન પણ કરાવ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ

ગાંધીધામના પાડાના પાસે ટ્રક ડ્રાઈવરોને છરી બતાવીને લૂંટ ચલાવવામાં આવી હતી. આ ઘટના બાદ પોલીસે તપાસ હાથ ધરી હતી અને બાતમીના આધારે આ બંને આરોપીઓની અટકાયત કરી હતી. પોલીસે આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈને સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન પણ કરાવ્યું છે.

કચ્છના ગાંધીધામમાં ટ્રક ડ્રાઈવરોને છરી બતાવીને લૂંટ ચલાવનારા બે આરોપીઓને ગાંધીધામ બી ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યા છે. આ આરોપીઓ મીઠી રોહર વિસ્તારના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. પોલીસે આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈને સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન પણ કરાવ્યું છે. ગાંધીધામના પાડાના પાસે ટ્રક ડ્રાઈવરોને છરી બતાવીને લૂંટ ચલાવવામાં આવી હતી. આ ઘટના બાદ પોલીસે તપાસ હાથ ધરી હતી અને બાતમીના આધારે આ બંને આરોપીઓની અટકાયત કરી હતી.પૂછપરછ દરમિયાન આરોપીઓએ ગુનાની કબૂલાત કરી હતી. પોલીસે ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈને ગુનો કેવી રીતે આચર્યો તેનું રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. આ પ્રક્રિયાથી પોલીસને ગુનાની વિગતવાર માહિતી મળી રહે છે અને કાયદેસરની કાર્યવાહીમાં મદદ મળે છે. આ લૂંટમાં આરોપીઓએ ટ્રક ડ્રાઈવરો પાસેથી રોકડ અને અન્ય કિંમતી સામાન લૂંટી લીધો હતો.

આ ઘટનાથી ટ્રક ડ્રાઈવરોમાં ભયનો માહોલ ફેલાયો હતો. પોલીસે આરોપીઓને ઝડપી પાડીને લૂંટનો મુદ્દામાલ જપ્ત કરવા અને આ ગુનામાં અન્ય કોઈ વ્યક્તિ સામેલ છે કે કેમ તે અંગે વધુ તપાસ હાથ ધરી છે. આ કાર્યવાહીથી આવા ગુના આચરનારા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. પોલીસે લોકોને પણ અપીલ કરી છે કે જો આવી કોઈ ઘટના બને તો તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવો

હવામાન વિભાગની આગાહી

# ૪થી ૭ સપ્ટેમ્બર સુધી સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ ખાબકશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગાંધીનગર ખાતે વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ભારતીય હવામાન વિભાગના અધિકારી દ્વારા ગુજરાતમાં આગામી સપ્તાહ દરમિયાન વરસાદની સ્થિતિ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. હવામાન વિભાગના દ્વારા આગામી સપ્તાહ દરમિયાન રાજ્યના કેટલાંક વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદ તથા આગામી ૪ થી ૭ સપ્ટેમ્બર દરમિયાન સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સિંચાઈ વિભાગના અધિકારી દ્વારા રિઝિયન વાઈઝ ડેમમાં પાણીના સ્ટોરેજની સ્થિતિ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમણે રાજ્યના ૨૦૬ જળાશયો પૈકી ૧૧૧ જળાશયો હાઈએલર્ટ, ૨૭ જળાશયો એલર્ટ તથા ૦૯ જળાશયો વોર્નિંગ લેવલ પર હોવાનું આ બેઠકમાં જણાવ્યું હતું. આ ઉપરાંત સરદાર સરોવર નર્મદા નિગમના અધિકારી દ્વારા સરદાર સરોવર સ્ટોરેજ વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

બેઠકમાં NDRF અને SDRFના અધિકારીઓના જણાવ્યા મુજબ, ચોમાસા દરમિયાન ઉપસ્થિત થતી કોઈપણ કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા NDRFની કુલ ૧૨ ટીમ અને SDRFની ૨૦ ટીમ અલગ-અલગ જિલ્લાઓ ખાતે ડીપ્લોય કરવામાં આવી છે. આ ઉપરાંત NDRFની એક ટીમ રીઝર્વ પણ રાખવામાં આવી છે.

રીજિયન પ્રમાણે જોવામાં આવે તો દક્ષિણ ગુજરાતમાં ૫૫ ઈંચ સાથે સિઝનનો સૌથી વધુ સરેરાશ ૯૪ ટકા વરસાદ નોંધાયો છે. બીજી તરફ પૂર્વ મધ્ય ગુજરાતમાં ૨૮ ઈંચ, ઉત્તર ગુજરાતમાં ૨૭ ઈંચ, સૌરાષ્ટ્રમાં ૨૫ ઈંચ અને કચ્છમાં ૧૬ ઈંચ વરસાદ વરસ્યો છે. મોટાભાગના રીજિયનમાં સરેરાશ કરતાં ૮૫ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે.

જિલ્લા પ્રમાણે વલસાડમાં સૌથી વધુ ૮૪ ઈંચ, ડાંગમાં ૭૨ ઈંચ અને નવસારીમાં ૬૬ ઈંચ વરસાદનો સમાવેશ થાય છે. પાટણ જિલ્લામાં સૌથી ઓછો સરેરાશ ૧૬ ઈંચ વરસાદ નોંધાયો છે.

# જામજોધપુરમાં શેઢા બાબતની તકરારમાં જીવલેણ હૂમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના ભુપત આંબરડી ગામમાં રહેતા અને ખેતી કામ કરતા ડાડુભાઈ સોમાભાઈ પૂછડીયા નામના આહીર ખેડૂત યુવાન પર તેના જ કુટુંબીઓ એવા મયુરભાઈ બાબુભાઈ પૂછડિયા અને બાબુભાઈ સોમાભાઈ પૂછડિયા નામના પિતા પુત્રએ લાકડી વડે માથામાં તેમજ શરીરના અન્ય ભાગોમાં જીવલેણ હુમલો કરી હત્યાનો પ્રયાસ કરાયાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે, જ્યારે ઈજાગ્રસ્ત ખેડૂતને લોહી નીતરતી હાલતના સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. આ બનાવ અંગે ઈજાગ્રસ્ત ખેડૂતના પુત્ર રશમિત ડાડુભાઈ પૂછડિયા એ શેઠવડાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપી પિતા પુત્ર સામે ગુન્હો નોંધ્યો છે. ફરિયાદીના પરિવાર અને આરોપીના પરિવારની બાજુ બાજુમાં વાડી આવેલી છે, તેના સેઢાની તકરાર થવાના મામલે આ હુમલો કરી દેવાયાનું પોલીસમાં જાહેર થયું છે. જે આરોપીઓને પોલીસ શોધી રહી છે.

# એમ.એસ યુનિવર્સિટીના નવા વાઈસ ચાન્સેલર પ્રો.ભનાગેએ તેમનો ચાર્જ સંભાળ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

એમ.એસ યુનિવર્સિટીના ૧૮મા વાઈસ ચાન્સેલર તરીકે મુંબઈના પ્રોફેસર બી.એમ.ભનાગેએ આજે તેમનો ચાર્જ સંભાળ્યા બાદ કહ્યું હતું કે હું મૂળભૂતપણે રિસર્ચર છું, એટલે સારા અને ગુણવત્તાયુક્ત રિસર્ચ અને તેને પ્રોત્સાહન આપવા તરફ મારું વિશેષ ધ્યાન રહેશે. યુનિવર્સિટીની શૈક્ષણિક શ્રેષ્ઠતા વધે અને ખાસ તો અહીંના અધ્યાપકો કે જે સારું કામ કરે છે તેઓનું રિસર્ચ વર્ક આગળ વધે તેના પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. અહીંના રિસર્ચ સારામાં સારા જર્નલમાં પ્રસિદ્ધ થાય અને સમાજ ઉપયોગી બને તે વધુ જરૂરી છે. રિસર્ચ વર્ક સમાજમાં જવું જોઈએ એમ તેમણે ઉમેર્યું હતું.

પ્રો.ભનાગેએ વધુમાં કહ્યું હતું કે સંશોધનને પ્રોત્સાહન આપવાની સાથે સાથે ઉદ્યોગો અને યુનિવર્સિટી વચ્ચે પણ જોડાણ હોવું જોઈએ, જેથી કરીને ઉદ્યોગોના પ્રોબ્લેમ યુનિવર્સિટી સોલ્વ કરી શકે અને એમ્પ્લોયમેન્ટ જનરેટ કરી શકે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ઉદ્યોગોમાં જઈને કામ કરી શકે તે પ્રમાણે શિક્ષણ વ્યવસ્થા હોવા પણ તેમણે ભાર મુકતા કહ્યું હતું કે દુનિયામાં આપણે જોયું છે કે યુનિવર્સિટી અને ઉદ્યોગો સાથે કામ કરે છે અને સમસ્યાઓનો નિવેડો લાવે છે. સમાજની જે કોઈ સમસ્યાઓ છે,

તેના માટે ઉદ્યોગો ધ્યાન આપે અને યુનિવર્સિટીનો અપ્રોચ કરે તે જરૂરી છે. તેમણે કહ્યું હતું કે યુનિવર્સિટી જરૂર સમસ્યાઓનું સમાધાન શોધી શકે.